

PRGI No. GUJGUJ/2008/26148

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 18
Issue : 309
Dt.: 20-07-2026,
Monday
Page : 04
Rs.00.50 paisa


### "હોબાળો નહીં, ચર્ચા કરો" સર્વપક્ષીય બેઠકમાં કિરેન રિજિજૂની અપીલ

# ચોમાસું સત્ર પહેલા ૪૦ પાર્ટીઓની સર્વપક્ષીય બેઠક, સંસદમાં રજૂ કરાશે વંદે માતરમનું બિલ

## TMCના ૨૦ બળવાખોર સાંસદોને સામેલ કરતાં કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી, ટીએમસી, ડીએમકે સહિત ૪૦ પક્ષોના નેતાઓએ વિરોધ કર્યો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કેન્દ્રીય સંસદીય કાર્યમંત્રી કિરેન રિજિજૂએ રવિવારે કહ્યું કે, સરકાર વિરોધ પક્ષની વાત સાંભળવા તૈયાર છે. તેમણે આશા વ્યક્ત કરી કે રાષ્ટ્રીય રાજધાનીમાં બોલાવવામાં આવેલી તમામ પક્ષોના ફ્લોર લીડર્સની બેઠકમાં વિરોધ પક્ષ પણ સકારાત્મક વલણ અપનાવશે. સર્વપક્ષીય બેઠક પહેલાં પત્રકારો સાથે વાત કરતાં રિજિજૂએ જણાવ્યું કે, સત્ર દરમિયાન સંસદનું કામકાજ સરળતાથી ચાલે તે માટે સરકારે ફ્લોર લીડર્સની બેઠક બોલાવી છે. બેઠકમાં તૃણમૂલ કોંગ્રેસ (TMC)ના બાગી સાંસદોને આમંત્રિત કરવા અંગે પણ તેમણે પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું કે, નિયમો મુજબ જ TMCના સાંસદોને બેઠકમાં સ્થાન આપવામાં આવ્યું છે.

રિજિજૂએ કહ્યું કે, "સંસદનું ચોમાસુ સત્ર ૨૦ જુલાઈથી શરૂ થઈ રહ્યું છે. સરકારે આજે તમામ પક્ષોના ફ્લોર લીડર્સની બેઠક બોલાવી છે. અમે તમામ રાજકીય પક્ષોને અપીલ કરીએ છીએ કે તેઓ આ ચોમાસુ સત્રને સરળતાથી ચલાવવામાં સહયોગ આપે. સંસદ સૌની છે. સરકાર જે વિધેયક અને અન્ય વિધાનકારી કામકાજ રજૂ કરવા માગે છે, તેમાં સત્તાપક્ષ અને વિરોધ પક્ષ બંનેના સભ્યો રચનાત્મક રીતે ભાગ લેશે તેવી મને આશા છે. સંસદ જેટલી સારી રીતે કામ કરશે, તેટલો દેશને લાભ થશે." કિરેન રિજિજૂએ તમામ પક્ષોને અર્થપૂર્ણ સત્ર માટે સાથે મળીને કામ કરવાની અપીલ પણ કરી છે. તેમણે વધુમાં કહ્યું કે, "હું ફરી એકવાર તમામ પક્ષોના નેતાઓને અપીલ કરું છું કે તેઓ સંસદનું કામકાજ સરળતાથી ચાલે તે સુનિશ્ચિત કરે અને તેમાં પોતાનો ફાળો આપે. અમે વિરોધ પક્ષની વાત સાંભળીશું અને આશા રાખીએ છીએ કે તેઓ પણ અમારી વાત સાંભળશે." રક્ષામંત્રી રાજનાથ સિંહ, સ્વાસ્થ્યમંત્રી જે.પી. નડ્ડા, સંસદીય કાર્યમંત્રી કિરેન રિજિજૂ અને કાયદા રાજ્યમંત્રી અર્જુન રામ મેઘવાલ સહિત અનેક વરિષ્ઠ મંત્રીઓ સંસદ એનેકસીમાં યોજાયેલી સર્વપક્ષીય બેઠકમાં હાજરી આપી રહ્યા છે. આ બેઠકમાં ભાગ લેવા પહોંચેલા વિરોધ પક્ષના સાંસદોનો મિજાજ જોકે ખાસ સારો જોવા મળ્યો નહોતો. રાજ્યસભાના સાંસદ જ્હોન બ્રિટાસે સ્પીકરની કચેરીની કામગીરીની ટીકા



કરતાં આરોપ લગાવ્યો કે હવે તે સ્વતંત્ર રીતે કામ કરતી નથી. સર્વપક્ષીય ફ્લોર લીડર્સની બેઠક પહેલાં બ્રિટાસે કહ્યું કે, "સ્પીકર હવે સત્તાધારી પક્ષ માટે કબજો, વિલય અને ટેકઓવરનું સાધન બની ગયા છે. સંસદના સ્વતંત્ર સંરક્ષક અથવા કાયદાના રક્ષક જેવી કોઈ વ્યવસ્થા હવે રહી નથી. સ્પીકર સત્તાધારી પક્ષના હાથની કઠપૂતળી બની ગયા છે."

આવતીકાલથી શરૂ થઈ રહેલા સંસદના ચોમાસુ સત્ર પહેલા આજે સર્વપક્ષીય બેઠક યોજાઈ હતી, જેમાં મોટો વિવાદ ઉભો થયો છે. બેઠકમાં કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી, ટીએમસી, ડીએમકે સહિત ૪૦ પક્ષોના નેતાઓ સામેલ થયા હતા. આ બેઠકમાં તૃણમૂલ કોંગ્રેસ (TMC)ના ૨૦ બળવાખોર સાંસદોને સામેલ કરતા વિપક્ષોએ વાંધો ઉઠાવ્યો હતો. આ મામલે વિપક્ષના નેતાઓ વોકઆઉટ કરી ગયા છે.

વિપક્ષોએ આક્ષેપ કર્યો છે કે, લોકસભા સ્પીકર ઓમ બિરલાએ હજુ સુધી ટીએમસીના બળવાખોર જૂથને માન્યતા આપી નથી, છતાં કેન્દ્ર સરકારે તેમના ૨૦ બળવાખોર સાંસદોને બેઠકમાં કેમ બોલાવ્યા?

બીજીતરફ સંસદીય કાર્યમંત્રી કિરેન રિજિજુએ કહ્યું કે, સર્વપક્ષીય બેઠકમાં સારી ચર્ચા થઈ છે, તમામ નેતાઓએ પોતપોતાની રજૂઆત કરી છે. કોઈપણ અડચણ વગર ગૃહની કામગીરી ચાલુ રહે, તે આપણા બધાની જવાબદારી છે.

સંસદનું ચોમાસુ સત્ર ૨૦ જુલાઈથી ૧૩ ઓગસ્ટ સુધી યોજાવાનું છે. આ દરમિયાન કુલ ૧૯ બેઠકો યોજાવાની છે. રિપોર્ટ મુજબ, કેન્દ્ર સરકાર સત્રના પહેલા જ દિવસે એટલે કે સોમવારે વંદે માતરમનું બિલ રજૂ કરી શકે છે. ટીએમસી સાંસદ મહુઆ મોઈત્રાએ કહ્યું કે, કોંગ્રેસ, ટીએમસી સહિત તમામ વિપક્ષો સર્વપક્ષીય બેઠકમાં વોકઆઉટ કર્યું છે. સંસદની સત્તાવાર યાદીમાં અખિલ ભારતીય તૃણમૂલ કોંગ્રેસ (TMC)ની સંખ્યા ૨૮ લખવામાં આવી છે, જ્યારે ટીએમસીમાંથી બળવો કરનાર ૨૦ સાંસદોની ગેર-માન્યતા પ્રાપ્ત એનસીપીઆઈ નામની પાર્ટીને સ્પીકરે મંજૂરી આપી નથી અને તેમની અયોગ્યતાની અરજી પણ પેન્ડિંગ છે, છતાં તેઓને બેઠકમાં કેમ બોલાવાયા? નિયમોમાં ૯૧માં સંશોધન બાદ કોઈ જુદા જૂથને સામેલ કરવાનો કોઈ નિયમ જ નથી, તો પછી સંસદીય કાર્યમંત્રીએ ૨૦ બળવાખોર સાંસદોને કયા કારણોસર બેઠકમાં સામેલ થવાનું આમંત્રણ આપ્યું. આના વિરોધમાં વિપક્ષે બેઠકનો બહિષ્કાર કર્યો છે.

---

### ફાઈનલમાં અકાને યામાગુચીને હરાવી

# પીવી સિંધુએ રચ્યો ઈતિહાસ: જાપાન ઓપન જીતનાર પ્રથમ ભારતીય બની

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતીય બેડમિન્ટન ખેલાડી પીવી સિંધુએ જાપાન ઓપન સુપર ૭૫૦ ટૂર્નામેન્ટમાં વિમેન્સ સિંગલ્સનો ખિતાબ જીતી લીધો છે. ૧૯ જુલાઈ (રવિવાર) ના રોજ રમાયેલા ખિતાબી મુકાબલામાં પીવી સિંધુએ જાપાનની અકાને યામાગુચીને સીધા ગેમોમાં ૨૧-૧૭, ૨૧-૧૭ થી હરાવી. આ ખિતાબી મુકાબલો ૫૦ મિનિટ સુધી ચાલ્યો હતો.

પીવી સિંધુ જાપાન ઓપન જીતનારી પ્રથમ ભારતીય બેડમિન્ટન પ્લેયર છે. આ પહેલા આ ટૂર્નામેન્ટના કોઈપણ વર્ગમાં કોઈ ભારતીય ખેલાડીએ ખિતાબ જીત્યો ન હતો. હવે પ્રથમ વખત કોઈ ભારતીય ખેલાડી અહીં ફાઈનલમાં પહોંચ્યો અને ખિતાબ પર પણ કબજો જમાવ્યો. સિંધુએ ન માત્ર ઈતિહાસ રચ્યો, પરંતુ ભારતીય બેડમિન્ટન માટે એક નવો અધ્યાય પણ લખી દીધો છે.

આ જીત પીવી સિંધુ માટે એટલા માટે પણ ખાસ છે કારણ કે તેમણે ૧૯ મહિના પછી BWF વર્લ્ડ ટૂરમાં કોઈ ખિતાબ પોતાના નામે કર્યો છે. આ પહેલા તેમનો છેલ્લો ખિતાબ ડિસેમ્બર ૨૦૨૪ સૈયદ મોદી ઈન્ટરનેશનલમાં આવ્યો હતો. લાંબા સમયથી ફિટનેસ અને ફોર્મ સામે ઝઝૂમી રહેલી સિંધુએ આ જીત સાથે દમદાર વાપસીનો સંકેત આપ્યો છે.

**ભારતીય બેડમિન્ટન સ્ટાર પીવી સિંધુએ ઈતિહાસ રચતા જાપાન ઓપન સુપર ૭૫૦નો ખિતાબ પોતાના નામે કર્યો**




પીવી સિંધુએ પોતાના કરિયરમાં પ્રથમ વખત BWF સુપર ૭૫૦ સિરીઝનો ખિતાબ જીત્યો છે. સાથે જ, ૨૦૧૯ માં વર્લ્ડ ચેમ્પિયન બન્યા બાદ આ તેમનો પ્રથમ મોટો આંતરરાષ્ટ્રીય ખિતાબ પણ છે.

જોવામાં આવે તો, ૩૧ વર્ષીય સિંધુ અને અકાને યામાગુચી વચ્ચે આ ૩૦મી ટક્કર હતી. આ દરમિયાન સિંધુએ ૧૬ અને યામાગુચીએ ૧૪ મુકાબલા જીત્યા છે. આ વર્ષે મલેશિયામાં બંને વચ્ચેની પાછલી ટક્કર અધૂરી રહી ગઈ હતી કારણ કે પ્રથમ ગેમ હાર્યા બાદ અકાને યામાગુચી ઈજાના કારણે મેચમાંથી હટી ગઈ હતી. જો કે, તે પહેલા રમાયેલા ૧૦ મુકાબલામાંથી ૭ માં જાપાની ખેલાડીએ જીત મેળવી હતી. જાપાન ઓપનની ફાઈનલમાં મળેલી આ જીત પીવી સિંધુ માટે માત્ર એક ખિતાબ જ નહીં, પરંતુ પોતાની સૌથી મોટી હરીફને દમદાર જવાબ પણ સાબિત થઈ છે. પીવી સિંધુએ સેમિફાઈનલમાં ઓલિમ્પિક ચેમ્પિયન ચેન યુફેઈને ૨૧-૧૯, ૧૫-૧૦ થી પરાજિત કરી હતી. ચીનની ખેલાડી યુફેઈ હેમસ્ટ્રિંગ ઈન્જરીના કારણે આ મુકાબલો પૂરો કરી શકી ન હતી. સિંધુ સમગ્ર ટૂર્નામેન્ટમાં શાનદાર લયમાં જોવા મળી અને ફાઈનલમાં પણ તે જ આત્મવિશ્વાસ સાથે રમતા ખિતાબ પોતાના નામે કરી લીધો.

---

### SITના અંતિમ અહેવાલ પર થશે ચર્ચા

# ૨૨ જુલાઈએ મળશે શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટની બેઠક

(સંપૂર્ણ સમાચાર સેવા)અયોધ્યા

ઉત્તરપ્રદેશના અયોધ્યામાં શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટે ૨૨ જુલાઈના રોજ સાંજે ૪ વાગ્યે અયોધ્યામાં ટ્રસ્ટીઓની એક બેઠક બોલાવી છે. આ બેઠકના એજન્ડા અનુસાર, ટ્રસ્ટીઓ SITના અંતિમ અહેવાલ પર (જો ત્યાં સુધીમાં મળી જશે તો) ચર્ચા કરશે, અને વિવિધ સમિતિઓની પુનઃરચના કરશે, તેમજ ટ્રસ્ટની અગાઉની બેઠકોની કાર્યવાહીને મંજૂરી આપશે. રામ મંદિરના ચઢાવામાં (દાનમાં) ચોરીનો મામલો સામે આવ્યા બાદ, દેશભરમાં ભારે હોબાળો થયો હતો, અને ટ્રસ્ટને લઈને સવાલો ઉભા થયા હતા. આ ઘટના બાદ યોજાયેલી ટ્રસ્ટની બેઠકમાં જનરલ સેક્રેટરી ચંપત રાય અને ટ્રસ્ટી અનિલ મિશ્રાના રાજીનામાનો સ્વીકાર કરવામાં આવ્યો હતો.અયોધ્યા સ્થિત રામ મંદિરમાં રામલલાના દર્શન માટે વિશ્વભરમાંથી શ્રદ્ધાળુઓ આવે છે, અને અહીં દરરોજ ભારે દાન-દક્ષિણા આવે છે. આવી સ્થિતિમાં તાજેતરમાં જ એ માહિતી સામે આવી હતી કે, રામ મંદિરના ચઢાવામાં ચોરી કરવામાં આવી રહી હતી. જ્યારે આ મામલાએ જોર પકડ્યું ત્યારે, એસઆઈટી (SIT) ની રચના કરવામાં આવી અને તપાસ સોંપવામાં આવી હતી. તપાસમાં અનેક ચોંકાવનારી બાબતો સામે આવી અને ઘણા લોકોની ધરપકડ કરવામાં આવી હતી. મંદિરમાં ચઢાવાની ચોરી કરનારા લોકો મંદિરમાં જ પોતાની સેવાઓ આપી રહ્યા હતા. આ મામલામાં ટ્રસ્ટના સભ્યો પર પણ બેદરકારીના આક્ષેપો થયા હતા, અને ટ્રસ્ટના જનરલ સેક્રેટરી ચંપત રાય અને ટ્રસ્ટી અનિલ મિશ્રાને રાજીનામું આપવું પડ્યું હતું. ત્યારબાદ રામ મંદિરના સંચાલનને સુધારવા માટે ઘણા ફેરફારો કરવામાં આવ્યા હતા, અને ટ્રસ્ટના મહત્વના હોદ્દાઓ પર બદલાવ કરવામાં આવ્યા હતા. રામ મંદિર ટ્રસ્ટ માટે નવા સીઈઓ (CEO)ની નિમણૂક અંગે અરજીઓ મંગાવવામાં આવી છે, જેનો સ્પષ્ટ અર્થ છે કે, ટૂંક સમયમાં જ મંદિરના સંચાલનની કમાન કોઈ વ્યક્તિને સીઈઓ બનાવીને સોંપવામાં આવશે.

---

### સફદરજંગ હોસ્પિટલે જાહેર કર્યું હેલ્થ બુલેટિન

# અનશનને કારણે સોનમ વાંગચુકના બ્લડ પેરામીટર્સમાં કેટલાક ફેરફાર થયા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી



લદ્દાખની માંગોને લઈને લાંબા સમયથી ચર્ચામાં રહેનાત એક્ટિવિસ્ટ સોનમ વાંગચુકના સ્વાસ્થ્યને લઈને મોટા અપડેટ સામે આવ્યા છે. દિલ્હીની વર્ધમાન મહાવીર મેડિકલ કોલેજ અને સફદરજંગ હોસ્પિટલ તરફથી તેમના સ્વાસ્થ્યને લઈને હેલ્થ બુલેટિન જાહેર કરવામાં આવ્યું છે. કહેવામાં આવ્યું છે કે લાંબા સમય સુધી અનશન પર રહેવાને કારણે તેમના શરીર પર તેની અસર પડી છે. જોકે તેમના મુખ્ય પેરામીટર્સ સ્થિર છે, પરંતુ ડોક્ટરોની ટીમ કોઈ જોખમ લેવા ઈચ્છતા નથી. હોસ્પિટલ મેનેજમેન્ટ તરફથી જારી જાણકારી પ્રમાણે તેમને દરેક જરૂરી ડોકટરની સહાયતા ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. ડોક્ટરોનું કહેવું છે કે લાંબા સમય સુધી ઉપવાસ કે અનશન પર રહેવાને કારણે તેમના શરીરના અંગો અને આંતરિક સિસ્ટમ પર વધુ અસર પડી છે. આ કારણે તેમને તત્કાલ ડોક્ટરની દેખરેખમાં લાવવામાં આવ્યા, જેથી કોઈ મોટી મુશ્કેલીથી બચી શકાય. સોનમ વાંગચુકના સ્વાસ્થ્ય અંગે હોસ્પિટલે જણાવ્યું કે તેમના વાઈટલ પેરામીટર્સ એટલે કે બ્લડ પ્રેશર અને પલ્સ જેવી વસ્તુ કંટ્રોલમાં અને સ્થિર છે. પરંતુ આ સાથે ડોક્ટરોએ સ્પષ્ટ કર્યું કે તેમના બ્લડ પેરામીટર્સમાં થોડો ઉતાર-ચઢાવ જોવા મળ્યો છે. લાંબા સમય સુધી ભૂખ્યા રહેવાને કારણે શરીરમાં થનાર ફેરફારોને જોતા તેમને ખાસ મેડિકલ કેરમાં રાખવામાં આવ્યા છે. ડોક્ટરોનું કહેવું છે કે આવા સમયે દર્દીઓ પર સતત નજર રાખવાની જરૂર હોય છે. સોનમ વાંગચુકની સારવાર માટે ડોક્ટરોની એક મોટી અને અનુભવી ટીમ કામ કરી રહી છે. તેમાં સફદરજંગ હોસ્પિટલ અને એમ્સ નવી દિલ્હીના નિષ્ણાંત ડોક્ટરો સામેલ છે.

---

### મિડલ ઈસ્ટમાં મહાયુદ્ધના ભણકારા!

# અમેરિકાના ૫૦૦૦૦ સૈનિકો હાઈ એલર્ટ પર

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

મધ્ય પૂર્વમાં તણાવ સર્વોચ્ચ સપાટીએ પહોંચી ગયો છે. જૉર્ડનમાં અમેરિકન સૈન્ય બેઝ પર થયેલા હુમલામાં ૨ જવાનોના મોત બાદ અમેરિકાએ મોટી જવાબી કાર્યવાહી શરૂ કરી છે. અમેરિકન સેનાએ ઈરાન વિરુદ્ધ સતત ૮મી રાત્રે પણ ભીષણ બોમ્બમારો કર્યો છે. યુએસ સેન્ટ્રલ કમાન્ડ (CENTCOM) ના જણાવ્યા અનુસાર, આ ચોક્કસ હુમલામાં ઈરાનની એર ડિફેન્સ સિસ્ટમ, રડાર અને મિસાઈલ-ડ્રોન સ્ટોરેજ સાઈટોને ભારે નુકસાન થયું છે.

સુરક્ષા નિષ્ણાતોના મતે અમેરિકા હવે મોટા પાયે સૈન્ય અભિયાનની તૈયારી કરી રહ્યું છે. અહેવાલો મુજબ, આ વિસ્તારમાં તૈનાત ૫૦,૦૦૦થી વધુ અમેરિકન સૈનિકોને હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યા છે. સૈન્ય ક્ષમતા મજબૂત કરવા માટે જર્મનીથી F-16 અને બ્રિટનથી અત્યાધુનિક F-35 સ્ટેલ્થ ફાઈટર જેટ્સ ઈઝરાયેલ અને અન્ય મિત્ર દેશોના સૈન્ય બેઝ પર મોકલવામાં આવી રહ્યા છે.

અમેરિકાના સ્ટેટ ડિપાર્ટમેન્ટે દુનિયાભરમાં રહેતા પોતાના નાગરિકો માટે સુરક્ષા એલર્ટ જાહેર કર્યું છે. એડવાઈઝરીમાં ચેતવણી અપાઈ છે કે ઈરાન સમર્થિત આતંકી જૂથો મિડિલ ઈસ્ટ સિવાય વિશ્વના અન્ય ભાગોમાં પણ અમેરિકન દૂતાવાસો અને નાગરિકોને નિશાન બનાવી શકે છે. નાગરિકોને બિનજરૂરી પ્રવાસો ટાળવા અને સ્થાનિક એજન્સીઓના સંપર્કમાં રહેવા જણાવાયું છે. ઈઝરાયેલ પણ આ સમગ્ર સ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યું છે. ઈઝરાયેલી સૈન્ય અધિકારીઓએ સંકેત આપ્યા છે કે જો ઈરાન સીધો હુમલો કરશે, તો તેમની વાયુસેના તેહરાન સહિત ઈરાનના આંતરિક વિસ્તારોમાં ભારે હુમલા કરશે. આ હુમલામાં ઈરાનના પરમાણુ મથકો અને મિસાઈલ ફેક્ટરીઓને નિશાન બનાવવામાં આવી શકે છે. જો કે, હાલમાં અમેરિકાએ ઈઝરાયેલને આ યુદ્ધથી અલગ રહેવાની સલાહ આપી છે. નિષ્ણાતોના મતે, આ તમામ પગલાં ટ્રમ્પ પ્રશાસનની મેક્સિમમ પ્રેશર એટલે કે મહત્તમ દબાણ લાવવાની નીતિનો એક ભાગ છે. તેનો મુખ્ય હેતુ ઈરાનની સૈન્ય તાકાત નબળી કરવાનો અને ઈઝરાયેલની સુરક્ષા સુનિશ્ચિત કરવાનો છે. જો કે, અત્યારે સ્થિતિ ખૂબ જ નાજુક છે અને અમેરિકાનું એક પણ મોટું પગલું આખા મિડિલ ઈસ્ટને ભયાનક યુદ્ધની આગમાં ધકેલી શકે છે.

---

# યુક્રેનના તાબડતોડ હુમલા બાદ રૂસમાં તબાહી : ૯ના મોત, ૮૦થી વધુ ઘાયલ

(સંપૂર્ણ સમાચાર સેવા)મોસ્કો

યુક્રેનમાં રશિયાની અંદર એક મોટો ડ્રોન હુમલો કરવામાં આવ્યો છે. આ હુમલાઓમાં રશિયન ઓનલાઈન રિટેલર વાઈલ્ડબેરી, એક તેલ ડેપો અને અન્ય ઘણા સ્થળોના બે મુખ્ય ગોદામોને નિશાન બનાવવામાં આવ્યા હતા. રશિયન અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ હુમલાઓમાં નવ લોકો માર્યા ગયા અને ૮૦ થી વધુ લોકો ઘાયલ થયા.

પહેલો હુમલો યુક્રેનિયન સરહદથી લગભગ ૩૬૦ કિમી દૂર સ્થિત તાંબોવ પ્રદેશના કોટોવસ્કમાં વાઈલ્ડબેરીના ગોદામ પર થયો. તાંબોવના ગવર્નર યેવગેની પરવિશોવે અહેવાલ આપ્યો કે રાત્રિ શિફ્ટમાં કામ કરતા સાત કર્મચારીઓ માર્યા ગયા અને ૨૫ અન્ય ઘાયલ થયા. બીજો હુમલો મોસ્કોથી લગભગ ૫૦ કિમી પૂર્વમાં આવેલા ઈલેક્ટ્રોસ્ટલમાં થયો. મોસ્કો પ્રદેશના ગવર્નર આન્દ્રે વોરોબ્યોવે જણાવ્યું કે ત્યાં ૬૧ લોકો ઘાયલ થયા હતા, જેમાંથી ૪૦ લોકોને હોસ્પિટલમાં દાખલ કરવાની જરૂર પડી; ઘાયલોમાંથી એકનું પછીથી મૃત્યુ થયું.આ દરમિયાન, નોગિન્સ્કમાં એક તેલ ડેપો પર પણ યુક્રેનિયન ડ્રોને હુમલો કર્યો, જેના કારણે આગ લાગી. સલામતીની સાવચેતી રૂપે, નજીકની એક પ્રસૂતિ હોસ્પિટલ અને રહેણાંક ઈમારતને ખાલી કરાવવામાં આવી હતી.




# તંત્રી લેખ......

## રોડ ડિઝાઈન

રોડ ડિઝાઈનની ખામીઓનું ઓડિટ કરવા માટે જવાબદાર સંસ્થાઓને તેમની જવાબદારીમાંથી મુક્ત કરવામાં આવશે અને હવે તેમને ઈન્ડિયન એકેડેમી ઓફ હાઈવે એન્જિનિયર્સ દ્વારા તાલીમ આપવામાં આવશે તે નિર્ણયથી કોઈ વધુ પડતું સંતુષ્ટ થઈ શકતું નથી. આવો નિર્ણય અગાઉથી લેવો જોઈતો હતો, કારણ કે ન તો ખરાબ રોડ ડિઝાઈનની પ્રથા કે ન તો પરિણામે થતા અકસ્માતો બંધ થઈ રહ્યા છે. ખરાબ રોડ ડિઝાઈનને રોકવાને પ્રાથમિકતા આપવી જોઈતી હતી, કારણ કે લાંબા સમયથી એવું કહેવામાં આવી રહ્યું છે કે ખરાબ રોડ બાંધકામ અને ડિઝાઈન રોડ અકસ્માતોમાં વધારો થવાનું મુખ્ય કારણ છે.

ખરાબ રોડ ડિઝાઈનને કારણે થતા અકસ્માતો ૬૦% થી વધુ હોવા એ અસામાન્ય નથી. શું એ દુર્ઘટના નથી કે નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ હજુ સુધી રોડ ડિઝાઈન ખામીઓ દૂર કરવા માટે પગલાં લીધા નથી? પ્રયાસ એ હોવો જોઈએ કે કોઈ પણ રોડ બાંધકામમાં કોઈ ડિઝાઈન ખામીઓ ન હોય. જો આ સુનિશ્ચિત કરી શકાય, તો રોડ ડિઝાઈનનું નિરીક્ષણ કરવાની જરૂર ન પડે, અને જો હોત તો પણ તે ખૂબ જ દુર્લભ હોત. એવું લાગે છે કે આપણા દેશમાં કોઈને વિશ્વ કક્ષાના રોડ બાંધકામ ધોરણો સુનિશ્ચિત કરવાની પરવા નથી. એવું કહેવું મુશ્કેલ છે કે રસ્તાઓને યોગ્ય રીતે ડિઝાઈન કરવા માટે લાયક લોકોની અછત છે. ડર એ છે કે લાયક વ્યક્તિઓને ઓળખવા અને પ્રોત્સાહિત કરવા માટેની સિસ્ટમ હજુ સુધી વિકસાવવામાં આવી નથી. ઈન્ડિયન એકેડેમી ઓફ હાઈવે એન્જિનિયર્સ રોડ સેફ્ટી ઓડિટર્સને તાલીમ આપવા માટે પહેલ કરી રહી છે કારણ કે સેન્ટ્રલ રોડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા આઈઆઈટી દિલ્હી, રૂરકીના સહયોગથી આપવામાં આવતી તાલીમ અપૂરતી હોવાનું જાણવા મળ્યું છે. નવી સિસ્ટમ ઈચ્છિત પરિણામો આપશે કે કેમ તે જોવાનું બાકી છે, કારણ કે એવી ખાતરી આપી શકાતી નથી કે ઈન્ડિયન એકેડેમી ઓફ હાઈવે એન્જિનિયર્સ, આઈઆઈટી દિલ્હી, રૂરકી સાથે મળીને સીઆરઆરઆઈ જે કરી શક્યું નથી તે કરી શકશે. શક્ય છે કે તેઓ બાહ્ય નિષ્ણાતો અને સલાહકારોની મદદ લેશે. આનાથી નવી સિસ્ટમ બનશે, પરંતુ તે સમસ્યાનું નિરાકરણ લાવશે કે નહીં તે કહેવું મુશ્કેલ છે.

છેલ્લા કેટલાક સમયથી, એવું જોવા મળ્યું છે કે વિવિધ મંત્રાલયો અને સરકારી વિભાગો નિષ્ણાત સલાહકારોની સેવાઓનો ઉપયોગ કરી રહ્યા છે. ઘણીવાર, આ સલાહકારો સંબંધિત વિભાગોને નિર્દેશિત અને નિયંત્રિત કરવાનું શરૂ કરે છે. જો બધું સલાહકારોની ઈચ્છા અનુસાર અને તેમના દ્વારા થવાનું હોય, તો સરકારી અધિકારીઓનો હેતુ શું છે? તેમને તેમના કાર્યો માટે જવાબદાર કેમ ગણવામાં આવતા નથી? આ એક મહત્વપૂર્ણ પ્રશ્ન છે જેનો જવાબ આપવો જ જોઈએ.

ભારતની સુરક્ષા વ્યવસ્થા સામે ઉભરતા પડકારો

## આતંકીઓએ બદલ્યો ટાર્ગેટ? હવે ગુજરાત-રાજસ્થાન પર ખતરો!

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

આતંકવાદનો ખતરો હવે ભારતની સુરક્ષા એજન્સીઓ માટે એક નવા સ્વરૂપમાં ઉભરી રહ્યો છે. લાંબા સમયથી જમ્મુ અને કાશ્મીર સુધી મર્યાદિત આતંકવાદી પ્રવૃત્તિઓ હવે દેશના પશ્ચિમ ભાગ તરફ આગળ વધી રહી હોય તેવું લાગે છે. તાજેતરમાં ગુજરાત એન્ટી-ટેરરિસ્ટ સ્ક્વોડ (ATS) દ્વારા જૈશ-એ-મોહમ્મદ (JeM)ના સંગઠિત મોડ્યુલનો પર્દાફાશ આ બદલાતી વ્યૂહરચનાનો મુખ્ય સંકેત માનવામાં આવી રહ્યો છે. સુરક્ષા અધિકારીઓ માને છે કે આતંકવાદી સંગઠનો હવે સરહદી વિસ્તારોમાં હુમલાઓ સુધી મર્યાદિત રહેવા માંગતા નથી. તેઓ દેશની આર્થિક પ્રવૃત્તિઓને વિક્ષેપિત કરીને વ્યાપક નુકસાન પહોંચાડવાનું લક્ષ્ય રાખી રહ્યા છે.

એક્સપર્ટના મતે, ગુજરાત અને રાજસ્થાનનું ભૌગોલિક સ્થાન આતંકવાદીઓ માટે વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ માનવામાં આવે છે. બંને રાજ્યો પાકિસ્તાન સાથે આંતરરાષ્ટ્રીય સરહદ ધરાવે છે, જેના કારણે ઘૂસણખોરી શક્ય બને છે. પરંતુ સરહદ એકમાત્ર પરિબળ નથી. આ રાજ્યો દેશના ઘણા મુખ્ય ઔદ્યોગિક અને ઉર્જા કેન્દ્રોનું ઘર છે. આ વિસ્તારોમાં એક મોટો હુમલો ફક્ત સ્થાનિક સ્તરે જ નહીં, પરંતુ સમગ્ર દેશના અર્થતંત્ર અને આવશ્યક સેવાઓ પર વિનાશક અસર કરી શકે છે.

સુરક્ષા એક્સપર્ટ કહે છે કે જો કોઈ મુખ્ય ઔદ્યોગિક વિસ્તાર, બંદર અથવા ઉર્જા સુવિધાને લક્ષ્ય બનાવવામાં આવે છે, તો ઈંધણ પુરવઠો, વીજળી ઉત્પાદન અને કાર્ગો પરિવહન જેવી સેવાઓ પ્રભાવિત થઈ શકે છે. આ દૈનિક જરૂરિયાતો માટે પુરવઠા શૃંખલાને વિક્ષેપિત કરી શકે છે, અને તેની અસર અનેક રાજ્યોમાં અનુભવાઈ શકે છે. એક્સપર્ટના મતે, આતંકવાદી સંગઠનોના વિચારમાં પરિવર્તન આવ્યું છે. અગાઉ, જમ્મુ અને કાશ્મીરમાં હુમલાઓ મુખ્યત્વે સુરક્ષા અને રાજકીય વાતાવરણ પર કેન્દ્રિત હતા. હવે, એવા સ્થળોને લક્ષ્ય બનાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે, જ્યાં હુમલાથી દેશના અર્થતંત્ર, રોકાણ વાતાવરણ અને ઔદ્યોગિક પ્રવૃત્તિઓ પર નોંધપાત્ર અસર પડી શકે છે.

ગુજરાત દેશના સૌથી મહત્વપૂર્ણ દરિયાઈ વેપાર કેન્દ્રોમાંનું એક છે. મુન્દ્રા અને કંડલા જેવા મુખ્ય બંદરો નોંધપાત્ર આયાત અને નિકાસ વોલ્યુમનું સંચાલન કરે છે. જામનગરમાં વિશ્વના સૌથી મોટા તેલ શુદ્ધિકરણ સંકુલ પણ આવેલા છે. સુરક્ષા એક્સપર્ટ માને છે કે આવી વ્યૂહાત્મક સંપત્તિઓનું રક્ષણ કરવું ખૂબ જ મહત્વપૂર્ણ છે, કારણ કે તેમના પર કોઈપણ હુમલો વ્યાપક આર્થિક અસર કરી શકે છે.

પશ્ચિમ ભારતને નિશાન બનાવવાના પ્રયાસો નવા નથી. ૨૦૦૨માં ગાંધીનગરમાં અક્ષરધામ મંદિર પર આતંકવાદી હુમલો અને ૨૦૦૮માં મુંબઈ હુમલા આપણને યાદ અપાવે છે કે આતંકવાદી સંગઠનો પરંપરાગત સરહદી વિસ્તારોથી આગળ વધીને મહત્વપૂર્ણ શહેરો અને દરિયાકાંઠાના વિસ્તારોને નિશાન બનાવી રહ્યા છે. મુંબઈ હુમલા દરમિયાન, આતંકવાદીઓએ દરિયાઈ માર્ગનો ઉપયોગ કર્યો હતો, જેના કારણે દરિયાકાંઠાની સુરક્ષા મજબૂત થઈ હતી. જો કે, સુરક્ષા એજન્સીઓ આવા સંભવિત જોખમોનું નિરીક્ષણ કરવાનું ચાલુ રાખે છે.

સુરક્ષા એજન્સીઓ સામે એક નવો પડકાર એ છે કે સામાન્ય રીતે ઉપયોગમાં લેવાતા ઘણા માલ બજાર અને ઈ-કોમર્સ પ્લેટફોર્મ પર સરળતાથી ઉપલબ્ધ છે. એવી આશંકા છે કે ગુનાહિત અથવા આતંકવાદી નેટવર્ક વિવિધ સ્થળોએથી ઓછી માત્રામાં માલ ખરીદીને શંકાથી બચવાનો પ્રયાસ કરી શકે છે. તેથી, તપાસ એજન્સીઓ શંકાસ્પદ પ્રવૃત્તિઓ, અસામાન્ય ખરીદી પેટર્ન અને વિવિધ રાજ્યો વચ્ચે કાર્યરત નેટવર્ક પર સતત નજર રાખી રહી છે.

એક્સપર્ટ માને છે કે બદલાતા સુરક્ષા પરિદૃશ્યને ધ્યાનમાં રાખીને, સરહદી રાજ્યો, ઔદ્યોગિક સ્થાપનો, ઉર્જા માળખાગત સુવિધાઓ અને દરિયાકાંઠાના વિસ્તારોમાં સુરક્ષા સતત મજબૂત બનાવવામાં આવી રહી છે. તાજેતરના કામગીરી દર્શાવે છે કે એજન્સીઓ સમયસર સંભવિત જોખમોને શોધવા અને તેને નિષ્ફળ બનાવવા માટે સક્રિયપણે કાર્ય કરી રહી છે.

મધ્યમ વર્ગનુ બજેટ ખોરવાયું : ચીજવસ્તુઓ મોંઘી થવાની આશંકા વ્યકત કરાઈ

## મોંઘવારીનો વધુ એક માર : અમદાવાદમાં અદાણી સીએનજીમાં ૧ કિલોએ ૨ રૂપિયાનો વધારો ઝીંકાયો

પ્રતિનિધિ,ગાંધીનગર

સામાન્ય જનતા અને મધ્યમ વર્ગના પરીવારો પર મોંઘવારીનો વધુ એક મોટો બોજ આવી પડયો છે. ગ્લોબલ એનર્જી માર્કેટમાં ક્રુડ ઓઈલ અને ગેસની આંતરરાષ્ટ્રીય કિંમતોમાં થયેલા અચાનક ઉછાળાને પગલે સરકારી ઓઈલ કંપનીઓએ મોટો નિર્ણય લીધો છે.




કંપનીઓ દ્વારા દેશભરમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પ્રતિ લીટર ૩ રૂપીયાનો તોતીંગ વધારો ઝીંકી દેવામાં આવ્યો છે. ઈંધણના ભાવમાં થયેલા આ અચાનક વધારાથી વાહન ચાલકોના ખિસ્સા પર સીધી અસર પડશે. આ આંચકાની વચ્ચે જ અમદાવાદ સહિત સમગ્ર ગુજરાતના વાહનચાલકો માટે વધુ એક માઠા સમાચાર આવ્યા છે. જેમાં અદાણી ગેસ દ્વારા પણ સીએનજીના ભાવમાં વધારો જાહેર કરવામાં આવ્યો છે. ગુજરાતમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ તો કયારના એ ૧૦૦ રૂપીયાની આસપાસ પહોચી ગયા છે. જેના કારણે મધ્યમવર્ગના વાહન ચાલકો માટે સીએનજી એક માત્ર આશીર્વાદ સમાન અને આર્થિક રીતે પરવડે તેવો વિકલ્પ ગણાતો હતો.

જો કે હવે સીએનજી ગેસ વાપરવો પણ મોઘોદાટ બન્યો છે. અદાણી ગેસ દ્વારા આજે ૧૯ જુલાઈએ સીએનજીની કિંમતમાં પ્રતિ કિલો ૨ રૂપીયાનો વધારો અમલી બનાવી દેવામાં આવ્યો છે. આ આકરા વધારા બાદ હવે અમદાવાદમાં અદાણી સીએનજીનો નવો ભાવ પ્રતિ કિલો ૯૦.૦૨ રૂપીયાની ઐતિહાસિક સપાટી પર પહોચી ગયો છે. આમ પેટ્રોલ ડીઝલની જેમ હવે સીએનજી કાર અને રીક્ષા ચલાવવી પણ સામાન્ય લોકોના બજેટની બહાર જઈ રહી છે. દેશના તમામ મુખ્ય મહાનગરોમાં પેટ્રોલ, ડીઝલ અને હવે સીએનજીના ભાવ પણ જે રીતે ભડકે બળી રહ્યા છે તેને જોતા બજારના નિષ્ણાંતો ચિંતા વ્યકત કરી રહ્યા છે. ઈંધણના દરમાં આટલો મોટો વધારો થવાના કારણે આગામી દિવસોમાં ટ્રાન્સપોટેશન અને માલસામાનની હેરાફેરીનો ખર્ચ નોધપાત્ર રીતે વધી જશે. પરીવહન ખર્ચ વધવાની સીધી અસર શાકભાજી, દુધ અને અન્ય જીવન જરૂરી ચીજવસ્તુઓ પર પડશે અને તે વધુ મોંઘી થવાની પ્રબળ આશંકા સેવાઈ રહી છે. મોંઘવારીના આ નવા રાઉન્ડે સામાન્ય નાગરીકોની ચિંતામાં ધરખમ વધારો કર્યો છે.

## ગુજરાતમાં વ્યાજબી ભાવના દુકાનદારોના કમિશનમાં રૂ.૩૫નો સીધો વધારોઃ હવે મળશે કમિશન પ્રતિ કિવન્ટલ રૂ.૧૮૫

પ્રતિ કિવન્ટલ કમિશનમાં ૩૫ નો વધારો : ૧ એપ્રિલ ૨૦૨૬ થી નવા દરનો અમલ : ૧૭ હજાર થી વધુ સંચાલકોને મળશે લાભ : ૬૭.૨૦ કરોડની જોગવાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં વ્યાજબી ભાવની દુકાન એટલે કે સસ્તા અનાજની દુકાન ચલાવતા સંચાલકો માટે રાજય સરકારે મોટી જાહેરાત કરી છે. અન્ન, નાગરીક પુરવઠા અને ગ્રાહક બાબતો વિભાગે સંચાલકોને આપવામાં આવતા કમિશનમાં વધારો કરવાનો નિર્ણય લીધો છે. હવે સસ્તા ભાવના દુકાનદારોને પ્રતિ કિવન્ટલ અનાજ પર ૧૫૦ ના બદલે ૧૮૫ રૂપીયા કમિશન મળશે. આ નિર્ણયથી રાજયના ૧૭ હજાર થી વધુ સસ્તા વ્યાજબી ભાવના દુકાનદારોને સીધો લાભ થશે.



રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદો, ૨૦૧૩ હેઠળ અંત્યોદય અન્ન યોજના (એએવાય) અને પ્રાયોરીટી હાઉસહોલ્ડ (પીએચએચ) પરીવારોને વિતરણ કરવામાં આવતા ઘઉ અને ચોખા પર વ્યાજબી ભાવની દુકાનના સંચાલકોને કમિશન આપવામાં આવે છે. અત્યાર સુધી આ કમિશન પ્રતિ કિવન્ટલ રૂપીયા ૧૫૦ હતું, હવે તેમાં ૩૫ નો વધારો કરીને રૂપીયા ૧૮૫ કરવામાં આવ્યો છે. રાજય સરકારના નિર્ણય મુજબ વધારેલા કમિશનના નવા દરનો અમલ ૧ એપ્રિલ ૨૦૨૬ થી કરવામાં આવશે. લાંબા સમયથી વ્યાજબી ભાવના દુકાનદારો દ્વારા કમિશનમાં વધારો કરવા સહિતના વિવિધ મુદ્દે સરકાર સમક્ષ રજુઆતો કરવામાં આવી રહી હતી. વધતા વાહન વ્યવહાર ખર્ચ, મજુરી, જાળવણી અને દુકાનના અન્ય સંચાલન ખર્ચ ને ધ્યાનમાં રાખીને કમિશન વધારવાની માંગ કરવામાં આવી હતી.

સરકારના આ નિર્ણયથી ગુજરાતની ૧૭ હજાર થી વધુ વ્યાજબી ભાવની દુકાનોના સંચાલકોને સીધો આર્થિક લાભ મળશે. કમિશનમાં વધારા માટે રાજય સરકારે કુલ રૂપીયા ૬૭.૨૦ કરોડની જોગવાઈ કરી છે. આ રકમનો ઉપયોગ વિવિધ શ્રેણીઓ હેઠળ કરવામાં આવશે. જેથી રાજયભરના સસ્તા અનાજના દુકાનદારોને વધારેલા કમિશનનો લાભ મળી શકે. ઠરાવ મુજબ કુલ જોગવાઈમાંથી ૫૨.૬૧ કરોડ સામાન્ય શ્રેણી હેઠળ ફાળવવામાં આવ્યા છે. જયારે અનુસુચિત જાતિ પેટા યોજના (એસસીએસપી) હેઠળ ૪.૧૧ કરોડ અને જનજાતિ પેટા યોજના (ટીએએસપી) હેઠળ ૧૦.૪૮ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. સરકારના આ નિર્ણયથી સંચાલકોને વધતા ખર્ચ વચ્ચે રાહત મળશે અને લાંબા સમયથી પડતર રહેલી કમિશન વધારાની માંગ નો પણ ઉકેલ આવ્યો છે.

સરકારી હોસ્પિટલમાં જ રહેશે સોનમ વાંગચુક

## દિલ્હી હાઈકોર્ટે પત્નીની માંગને ફગાવતા કહ્યું- સરકારનો નિર્ણય મનસ્વી કે ગેરકાનૂની નથી

દિલ્હી હાઈકોર્ટે સોનમ વાંગચુકને સફદરજંગ હોસ્પિટલમાંથી ખાનગી હોસ્પિટલમાં ખસેડવાની અરજી ફગાવી દીધી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દિલ્હી હાઈકોર્ટે વાંગચુકની પત્ની ગીતાંજલિ અંગમોની અરજી પર કોઈ વચગાળાની રાહત આપી નથી. કોર્ટે સફદરજંગ હોસ્પિટલમાં દાખલ સોનમ વાંગચુકને પ્રાઈવેટ હોસ્પિટલમાં શિફ્ટ કરવાની અરજીને ફગાવી દીધી છે.




જસ્ટિસ મિની પુષ્કર્ણાની કોર્ટે સ્પષ્ટ કર્યું કે વાંગચુકના કથળતા આરોગ્યને જોતા તેમને હોસ્પિટલમાં શિફ્ટ કરવાનો સરકારનો નિર્ણય કોઈપણ રીતે મનસ્વી કે ગેરકાનૂની નથી.જ્યારે કોઈ સામાજિક કાર્યકર્તા જનહિતના મુદ્દે અચોક્કસ મુદતના ઉપવાસ પર ઉતરે છે, ત્યારે તેમના સ્વાસ્થ્યની જવાબદારી કોની બને છે? શું સરકાર તેમની મરજી વિરુદ્ધ તેમને હોસ્પિટલમાં દાખલ કરી શકે? આવા જ કેટલાક જટિલ કાનૂની અને નૈતિક સવાલો વચ્ચે, દિલ્હી હાઈકોર્ટે રવિવારે સામાજિક કાર્યકર્તા સોનમ વાંગચુકના કેસમાં મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. કોર્ટે વાંગચુકને સફદરજંગ હોસ્પિટલમાંથી તાત્કાલિક ડિસ્ચાર્જ આપવાનો ઈનકાર કરી દીધો છે.

કોર્ટે નોંધ્યું હતું કે સોનમ વાંગચુકના સ્વાસ્થ્ય પર ડોકટરો સતત દેખરેખ રાખી રહ્યા છે. આ સ્થિતિમાં, તેમના શારીરિક સ્વાયત્તતાના અધિકારનું કોઈ ઉલ્લંઘન થયું નથી. કોર્ટે પોતાના આદેશમાં જણાવ્યું, કે સમગ્ર પરિસ્થિતિને ધ્યાનમાં લેતા, સરકારે વાંગચુકના સ્વાસ્થ્યને કારણે જ તેમને હોસ્પિટલમાં ખસેડવાનો નિર્ણય લીધો છે, તેથી આ કોર્ટ તેને કોઈ મનસ્વી પગલું માનતી નથી. અદાલતે વધુમાં ઉમેર્યું હતું કે, વાંગચુકની ગંભીર સ્થિતિ હોવા છતાં તેમણે પોતાની મરજીથી હોસ્પિટલમાં દાખલ થવાનો ઈનકાર કર્યો હતો, જેથી સરકાર માટે દખલગીરી કરવી કાનૂની રીતે યોગ્ય હતી.

આ ઉપરાંત, કોર્ટે એ વાતની પણ નોંધ લીધી કે વાંગચુકના પરિવારને સામાન્ય દર્દીઓ કરતાં વધુ છૂટછાટ આપવામાં આવી છે અને આખો દિવસ તેમની પાસે રહેવાની મંજૂરી સાથે અલગ રૂમની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. હાલમાં કોર્ટે તેમની તબીબી રિપોર્ટ્સ પરિવાર સાથે શેર કરવાનો આદેશ આપીને આગામી સુનાવણી ૨૪ જુલાઈના રોજ નક્કી કરી છે.

અરજીકર્તા ગીતાંજલિ જે. આંગમો વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલો કપિલ સિબલ, વિવેક તંખા અને અખિલ સિબલે કોર્ટમાં દલીલ કરી હતી કે સફદરજંગ હોસ્પિટલમાં દાખલ થયા પછી વાંગચુકના વકીલો અને ડોકટરો સાથેનો સંપર્ક તૂટી ગયો છે. તેઓ વાંગચુકને મેદાંતા હોસ્પિટલમાં ખસેડવા માંગે છે. કપિલ સિબલે સરકારના વલણ સામે સવાલ ઉઠાવતા કહ્યું, તેઓ કોઈ કસ્ટડીમાં નથી. તેમની સામે કોઈ ગુનાહિત કેસ નથી, તો શું ભારતના નાગરિકને પોતાની પસંદગીની હોસ્પિટલમાં જવાની પરવાનગી નથી? સરકાર તેમના શરીર પર નિયંત્રણ કેવી રીતે મેળવી શકે અને તેમને રોકી કેવી રીતે શકે? સિબલે એ પણ સ્પષ્ટ કર્યું કે જો AIIMS કે સફદરજંગના ડોક્ટરો મેદાંતાની ટીમ સાથે જોડાવા માંગતા હોય તો તેમને કોઈ વાંધો નથી. તેમણે હોસ્પિટલના રૂમની અંદર અને બહાર તૈનાત પોલીસ જવાનો સામે પણ વાંધો ઉઠાવ્યો હતો.

બીજી તરફ, કેન્દ્ર સરકાર વતી હાજર રહેલા એડિશનલ સોલિસિટર જનરલ ચેતન શર્માએ તર્ક આપ્યો હતો કે ૧૬ જુલાઈના કોર્ટના આદેશ મુજબ જ વાંગચુકની તમામ તબીબી સારવાર સરકારની દેખરેખ હેઠળ થઈ રહી છે. હાલમાં AIIMS અને સફદરજંગના ડોક્ટરોની સંયુક્ત ટીમ તેમની સારવાર કરી રહી છે. તેમણે જણાવ્યું કે ભેજવાળા વાતાવરણમાં સતત ૧૮ દિવસ સુધી ઉપવાસ કરવાને કારણે સ્વાસ્થ્ય સંબંધી ગંભીર જટિલતાઓ ઊભી થઈ શકે છે, જેને કારણે તેમને ઈમરજન્સી વિભાગમાં રાખવામાં આવ્યા છે.

સેકન્ડ-ડિગ્રી કસ્ટોડિયલ ઈન્ટરફેરન્સનો ગુનો નોંધાયો

## તુલસી ગબાર્ડના ભાઈની ધરપકડ કરવામાં આવી

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અમેરિકાના પૂર્વ રાષ્ટ્રીય ગુપ્તચર નિયામક તુલસી ગબાર્ડના મોટા ભાઈ બટાર્ટી ગબાર્ડ પર બાળકોને હોટલના રૂમમાં બોલાવવાનો પ્રયાસ કરવાનો આરોપ લાગ્યો છે. પોલીસના જણાવ્યા અનુસાર, તેમણે બાળકોને પૈસા અને ચ્યુઈંગમની લાલચ આપી હતી. આ મામલામાં તેમની સામે ગુનો નોંધવામાં આવ્યો છે. હોનોલુલુ પોલીસે તેમની સામે બાળકોને હોટલના રૂમમાં બોલાવવાના કથિત પ્રયાસના મામલામાં સેકન્ડ-ડિગ્રી કસ્ટોડિયલ ઈન્ટરફેરન્સનો ગુનો દાખલ કર્યો છે.

પોલીસના જણાવ્યા અનુસાર, આ ઘટના ૧૨ જુલાઈના રોજ બપોરે આશરે ૨ વાગ્યે હવાઈના વાઈકિકી સ્થિત એક હોટલના સ્વિમિંગ પૂલ વિસ્તારમાં બની હતી. આરોપ છે કે, ૫૫ વર્ષીય બટાર્ટી ગબાર્ડે ત્યાં હાજર ઘણા બાળકો સાથે વાતચીત શરૂ કરી હતી. તેમણે બાળકોના નામ પૂછ્યા, તેમને પોતાની નોટબુકમાં લખ્યા અને પછી કથિત રીતે ચ્યુઈંગમ અને પૈસા આપવાની લાલચ આપીને પોતાના હોટલના રૂમમાં આવવા કહ્યું.

એવું જાણવા મળ્યું છે કે બાળકો, જેમાં એક ૯ વર્ષનો છોકરો પણ સામેલ હતો, તેમણે આ પ્રસ્તાવને ઠુકરાવી દીધો હતો. ત્યારબાદ બટાર્ટી ગબાર્ડ ત્યાંથી ચાલ્યા ગયા હતા. બાદમાં એક ૪૨ વર્ષીય મહિલાએ આ ઘટનાની જાણકારી પોલીસને આપી, ત્યારબાદ તપાસ શરૂ થઈ. પોલીસે આને 'સ્ટ્રેન્જર ડેન્જર' એટલે કે, અજાણ્યા વ્યક્તિ દ્વારા બાળકોને ફોસલાવવા સંબંધિત મામલો ગણાવ્યો છે.

આ દરમિયાન સ્થાનિક ટીવી ચેનલ ક્ટ્રૈંફના અહેવાલ મુજબ, બટાર્ટી ગબાર્ડની ૧૬ જુલાઈના રોજ એક અલગ ચોરીના મામલામાં પણ ધરપકડ કરવામાં આવી હતી. તેમણે કોર્ટમાં ચોરીના આરોપોનો ઈનકાર કર્યો અને પોતાને નિર્દોષ ગણાવ્યા. આ મામલામાં તેમને જામીન મળી ગયા છે, અને આગામી સુનાવણી ૧૪ ઓગસ્ટે થશે. જો કે, બાળકોને કથિત રીતે ફોસલાવવાના મામલામાં હજી સુધી કોર્ટે સુનાવણીની તારીખ નક્કી કરી નથી. હોનોલુલુ પોલીસે પુષ્ટિ કરી છે કે, હાલમાં બટાર્ટી ગબાર્ડ પોલીસ કસ્ટડીમાં નથી.

આ મામલે પ્રતિક્રિયા આપતા તુલસી ગબાર્ડના પિતા અને હવાઈ રાજ્યના સેનેટર માઈક ગબાર્ડે આરોપો પર કોઈ ટિપ્પણી કરવાનો ઈનકાર કર્યો હતો. તેમણે માત્ર એટલું જ કહ્યું કે, તેમનો પુત્ર માનસિક સ્વાસ્થ્ય સંબંધિત સારવાર લઈ રહ્યો છે. માઈક ગબાર્ડે કહ્યું, 'અમે તેને પ્રેમ કરીએ છીએ. અમે તેને હોસ્પિટલના ડોક્ટરોની સલાહ માનવા કહ્યું છે, અને તેણે તેમ કરવાનું આશ્વાસન આપ્યું છે. અમે તેના ઝડપથી સ્વસ્થ થવાની પ્રાર્થના કરી રહ્યા છીએ, અને અન્યોને પણ આ જ અપીલ કરીએ છીએ.'

ફિલ્મમાં થલપતિ વિજય લીડ રોલમાં જોવા મળશે

## થલપતિ વિજય જન નાયકનનું એડવાન્સ બુકિંગ શરૂ થઈ ગયું

થલપતિ વિજયની આ ફિલ્મ ૨૩ જુલાઈનાં રોજ રિલીઝ થશે : લાંબા સમયથી આ ફિલ્મ પોસ્ટપોન થઈ રહી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

થલપતિ વિજયની છેલ્લી ફિલ્મ જન નાયકન હવે મોટા પડદા પર રિલીઝ થવા માટે તૈયાર છે. ફિલ્મ ૨૩ જુલાઈનાં રોજ રિલીઝ થશે. લાંબા સમયથી આ ફિલ્મ પોસ્ટપોન થઈ રહી હતી, પરંતુ હવે ફાઈનલી ફિલ્મનું એડવાન્સ બુકિંગ શરૂ થઈ ગયું છે. જો કે હાલમાં ટિકિટની કિંમત પણ જોરદાર છે. આમ, તમે થલપતિ વિજયનાં ફેન છો અને એડવાન્સ બુકિંગ કરાવવા ઈચ્છો છો તો ટિકિટની કિંમતો પર નજર કરી લો.

બેંગલુરુ, હૈદરાબાદ, મુંબઈ, દિલ્હી અને કેરાલામાં જન નાયકનનું એડવાન્સ બુકિંગ શરૂ થઈ ગયું છે. ફિલ્મનાં તમિલ વર્ઝન માટે અનેક જગ્યા પર ટિકિટની કિંમત ૧૦૦થી ૮૦૦ રૂપિયા વચ્ચે રાખવામાં આવી છે. બેંગલુરુમાં શોની ટિકિટ ૫૦૦-૮૦૦ રૂપિયામાં મળી રહી છે. આ સાથે જ કેટલીક ટિકિટનાં ભાવ ૧૦૦૦ રૂપિયાથી પણ વધારે છે. આ સાથે અનેક થિયેટરમાં સવારમાં ૬.૩૦ વાગ્યાના શોની ટિકિટ પણ સોલ્ડ આઉટ થઈ ગઈ છે. સિનેપોલિસ નેક્સસ શાંતિનિકેતનમાં રિક્લાઈનર સીટોની કિંમત ૨૫૦૦ રૂપિયા છે. આ અત્યાર સુધીની સૌથી વધારે કિંમત છે. આમ, થલપતિ વિજયની ફિલ્મને લઈને દર્શકોમાં જોરદાર ક્રેઝ જોવા મળી રહ્યો છે.

ફિલ્મ નિર્માતાઓએ ભલે કહાનીને લઈને ચુપ્પી રાખી હોય, પરંતુ જન નાયકનના ટ્રેલર પરથી સંકેત મળે છે કે આ એક સામાન્ય વ્યક્તિની કહાની છે જે અન્યાયને જોઈને ચૂપચાપ ઊભા રહેવાને બદલે અવાજ ઉઠાવવાનો નિર્ણય કરે છે. આ તમિલ સુપરસ્ટારની વિરાસતનો જશ્ન મનાવે છે. આમ, તમને જણાવી દઈએ કે ફિલ્મને વિનોથે ડાયરેક્ટ કરી છે. આ સાથે જ ફિલ્મને KVN પ્રોડક્શને પ્રોડ્યુસ કરી છે. આ એક રાજનૈતિક એક્શન ડ્રામા ફિલ્મ છે, જેમાં થલપતિ વિજય મુખ્ય ભૂમિકામાં છે. પૂજા હેગડે અને બોબી દેઓલ પણ આ ફિલ્મમાં જોવા મળશે. મામિતા બૈજૂ, પ્રિયામણિ, ગૌતમ વાસુદેવ મેનન અને નારાયણ સહાયક જોવા મળશે. આ મૂવીમાં એક્શન સીક્વન્સ, ડાન્સ નંબર અને ઈમોશનલ ડ્રામા જોવા મળશે. આ તમિલ સુપરસ્ટારની વિરાસતનો જશ્ન મનાવે છે. આમ, વાત કરવામાં આવે તો આ ફિલ્મને લઈને ફેન્સ સુપર એક્સાઈટેડ છે. જો કે આ ફિલ્મ બોક્સ ઓફિસ પર કેટલી કમાણી કરી શકે છે હવે એ જોવાનું રહેશે.

ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

PRGI NO. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

### ખેડૂતોને સબસિડી, વિદ્યાર્થીઓને સંશોધન માટે જીવંત પ્રયોગશાળા બન્યાં ઉદ્યાનો

# રાજ્યના ૭ ઔષધીય ઉદ્યાનોમાંથી ૨.૭૫ લાખ ઔષધીય રોપાનું વિના મૂલ્યે વિતરણ




ગાંધીનગરઃ ગુજરાતમાં આયુર્વેદિક પરંપરા અને નાગરિકોમાં સ્વસ્થ જીવનશૈલીને પોષવા ગુજરાત ઔષધીય વનસ્પતિ બોર્ડે વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન રાજ્યના સાત સરકારી ઔષધીય ઉદ્યાનોમાંથી ૨.૭૫ લાખથી વધુ ઔષધીય રોપાનું વિનામૂલ્યે વિતરણ કર્યું છે. બોર્ડ વ્યક્તિગત ઉપયોગ માટે ૧૦, શાળા-સંસ્થાઓને ૫૦ અને ખેડૂતો તથા જાહેર જમીન માટે ૫૦૦ સુધીના રોપા મફતમાં આપે છે. ગાંધીનગર ઉદ્યાનમાંથી ચંદનના રોપા માત્ર રૂ. ૨૦ના સબસિડાઈઝ્ડ દરે ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને આરોગ્ય રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરિયાના નેતૃત્વમાં કાર્યરત આ ઉદ્યાનો માત્ર રોપા ઉછેરના કેન્દ્રો જ નહીં, પરંતુ આયુર્વેદિક જ્ઞાનના કેન્દ્રો તરીકે પણ વિકસ્યાં છે. દર વર્ષે આશરે ૨૦ હજાર જેટલા વિદ્યાર્થીઓ, સંશોધકો અને આયુર્વેદના અભ્યાસીઓ અહીં મુલાકાત લઈ ઔષધીય વનસ્પતિઓનો પ્રત્યક્ષ અભ્યાસ કરે છે. ૨૦૦૨માં 'ન નફો, ન નુકસાન'ના ધોરણે સ્થાપિત ગુજરાત ઔષધીય વનસ્પતિ બોર્ડનો મુખ્ય હેતુ આયુર્વેદિક ફાર્મસીઓ અને પરંપરાગત ઉપચાર પદ્ધતિ માટે ગુણવત્તાયુક્ત ઔષધીય વનસ્પતિ ઉપલબ્ધ કરાવવાનો છે. બોર્ડ ઘરેલુ ઉપચાર અંગે જાગૃતિ ફેલાવવાની સાથે ખેડૂતોને ઔષધીય પાકોની વ્યાપારી ખેતી માટે સબસિડી પણ આપે છે.

બોર્ડ દ્વારા બજારની માંગને ધ્યાનમાં રાખીને વધુ નફાકારક ઔષધીય પાકોની ઓળખ, જંગલોમાં ઔષધીય વનસ્પતિનો વિસ્તાર, એનજીઓના સહયોગથી હરિયાળી અભિયાન અને યુનિવર્સિટીઓ સાથે સંશોધન જેવા કાર્યક્રમો પણ હાથ ધરવામાં આવે છે.

હાલમાં બોર્ડના સાત સરકારી ઉદ્યાનો ગાંધીનગર, વાંસદા (રૂપવેલ), ભુજ (નાની રેલડી), રાજપીપળા (જીતનગર), ઝાલોદ (વરોડ), પાલનપુર (વશી-દાંતા) અને આહવા-સાપુતારામાં કાર્યરત છે. અહીં તુલસી, ગળો, અરડૂસી, શતાવરી, અશ્વગંધા, બ્રાહ્મી, લીંડી પીપર અને હરડે સહિતની વિવિધ ઔષધીય વનસ્પતિઓનો ઉછેર કરવામાં આવે છે અને તેનું સંશોધન તથા વિનામૂલ્યે વિતરણ કરવામાં આવે છે. - જનક દેસાઈ

### કિચનવેર, ક્રોકરી અને હોમ એપ્લાયન્સિસ ઉદ્યોગના B2B ટ્રેડ પ્રદર્શનમાં દેશભરમાંથી ૧૦૦થી વધુ સ્ટોલધારકો જોડાયા

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ ખાતે 'વાઈબ્રન્ટ ઈન્ડિયા સ્ટેનલેસ સ્ટીલ એક્ઝિબિશન-૨૦૨૬'ની મુલાકાત લીધી




મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદના ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન હોલ ખાતે આયોજિત 'વાઈબ્રન્ટ ઈન્ડિયા સ્ટેનલેસ સ્ટીલ એક્ઝિબિશન-૨૦૨૬'ની મુલાકાત લીધી હતી.

શ્રી પટેલે પ્રદર્શનના વિવિધ સ્ટોલ્સની મુલાકાત લઈને દેશભરમાંથી આવેલા પ્રદર્શકો, ઉત્પાદકો અને ઉદ્યોગસાહસિકો પાસેથી તેમના ઉત્પાદનો વિશેની જાણકારી મેળવી તેમનો ઉત્સાહ વધાર્યો હતો. આ B2B ટ્રેડ એક્ઝિબિશનમાં દેશનાં વિવિધ રાજ્યોમાંથી કિચનવેર, ક્રોકરી અને હોમ એપ્લાયન્સિસ ઉદ્યોગના આશરે ૧૦૦થી પણ વધારે અગ્રણી ઉત્પાદકો જોડાયા છે. મુખ્યમંત્રીશ્રીએ પ્રદર્શનમાં રજૂ કરાયેલી નવીન પ્રોડક્ટ્સ અને હોમ એપ્લાયન્સિસ ક્ષેત્રે થઈ રહેલાં આધુનિક સંશોધનોનું પ્રત્યક્ષ નિરીક્ષણ કર્યું હતું તેમજ વૈશ્વિક પ્રવાહોથી અવગત થયા હતા.

આ પ્રદર્શનનો મુખ્ય ઉદ્દેશ ભારતના સ્ટેનલેસ સ્ટીલ ઉદ્યોગને મજબૂત, સ્માર્ટ અને આત્મનિર્ભર બનાવી એક વૈશ્વિક ઉત્પાદન કેન્દ્ર બનાવવાનો છે. જેમાં ઈનોવેશન, ગ્રીન સ્ટીલ ટેકનોલોજી, MSMEને સમર્થન, નિકાસમાં વૃદ્ધિ અને રોજગાર સર્જન જેવાં મુખ્ય ક્ષેત્રો પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે, તા. ૨૦ જુલાઈ સુધી યોજાનારા આ ચાર દિવસીય પ્રદર્શનમાં દેશ-વિદેશની ૫૦૦થી વધુ પ્રતિષ્ઠિત બ્રાન્ડ્સનાં ઉત્પાદનો પ્રદર્શિત કરવામાં આવ્યાં છે. જેના પરિણામે દેશભરના ટ્રેડ વિઝિટર્સ દ્વારા મોટા પાયે બલ્ક ઓર્ડર અને બિઝનેસ નેટવર્કિંગની તકો સર્જાઈ છે. આ પ્રસંગે યોગેશભાઈ અગ્રવાલ, જયંતીભાઈ સરધારા, અશોક ભણસાલી, પ્રકાશ સંઘવી, નરેન્દ્ર દિવાકર, દિનેશ સેન, દિવ્યાંશ અગ્રવાલ સહિત વિવિધ અગ્રણી સ્ટીલ મેન્યુફેક્ચરિંગ કંપનીના પ્રતિનિધિઓ તેમજ રિટેલર્સ ઉપસ્થિત રહ્યા હતા.

### પોતાના ખેતરો બચાવવા ખેડુતો એકજુથ થઈ મેદાને આવ્યા : યોગ્ય વળતર ન મળે ત્યાં સુધી કામ બંધ રાખવાની માંગ

# એક આંદોલન પુરૂ ન થયુ ત્યાં બીજુ આંદોલન શરૂ થવાના એંધાણઃ વીજપોલ બાદ સિંહણ ગામે ગેસ પાઈપ લાઈનનો ઉગ્ર વિરોધઃ પોલીસ અને ખેડુતો સામસામે

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ




ગુજરાત સરકારમાં એક સાંધે તેર તુટે તેવો ઘાટ સર્જાયો છે. એક આંદોલન પુરૂ થયુ નથી અને બીજા આંદોલનો શરૂ થવા લાગ્યા છે. દેવભુમિ દ્વારકા જિલ્લાના જામખંભાળીયા નજીક આવેલા સિંહણ ગામે ગેસ પાઈપલાઈનની કામગીરીને લઈને ખેડુતોનો આક્રોશ ફાટી નિકળ્યો છે. પોતાની સંમતિ કે યોગ્ય વળતર આપ્યા વિના જ ખેતરોમાં પાઈપલાઈન નાંખવામાં આવતી હોવાના આક્ષેપ સાથે મોટી સંખ્યામાં ખેડુતોએ ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યુ હતું. જે દરમિયાન ખેડુતો અને પોલીસવચ્ચે ભારે ઘર્ષણ થતા મામલો બિચકયો હતો.

છેલ્લા ઘણા સમયથી ખેડુતો વીજપોલના મુદ્દે વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. ત્યાં હવે ગેસ પાઈપલાઈનનો મુદ્દો સામે આવતા ખેડુતોમાં રોષ ફેલાયો છે. સિંહણ અને તેની આસપાસના ગામોના સેંકડો ખેડુતો આજે રવિવારે પોતાના ખેતરો બચાવવા માટે એકજુથ થઈને મેદાને આવ્યા હતા. ખેડુતોનો મુખ્ય આક્ષેપ એ છે કે વહિવટી તંત્ર કે સંબંધિત કંપની દ્વારા તેમને કોઈપણ પૂર્વ માહિતી આપવામાં આવી નથી. પુરતુ વળતર ચુકવ્યા વિના અને જમીન માલીકોની મંજુરી લીધા વગર જ સીધેસીધુ જમીનોમાં ખોદકામ કરીને પાઈપ લાઈન પસાર કરવાની જોહુકમી ચલાવવામાં આવી રહી છે. જયાં સુધી વળતર અને અન્ય પ્રશ્નોનુ યોગ્ય નિરાકરણ ન આવે ત્યાં સુધી કામગીરી સંપૂર્ણપણે બંધ રાખવા ખેડુતોએ માંગ કરી છે. આ આંદોલનને સમર્થન આપવા માટે ખેડુત નેતા પાલ આંબલીયા પણ સિંહણ ગામે પહોચ્યા હતા. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવાના નામે પોલીસે તેમને ઘટનાસ્થળે આગળ વધતા અટકાવ્યા હતા. જેના કારણે વાતાવરણ વધુ ગરમાયુ હતું. ખેડુતો અને પોલીસ વચ્ચે થયેલી ઉગ્ર અફરા તફરીને પગલે ગેસ પાઈપ લાઈનનું કામ કરી રહેલી કંપનીના અધિકારીઓમાં ફફડાટ વ્યાપી ગયો હતો અને તેઓ ચાલુ કામ છોડીને ત્યાંથી રવાના થઈ ગયા હતા. મીડીયા કર્મીઓએ જયારે આ અંગે કંપનીના સત્તાધીશોનો પક્ષ જાણવાનો પ્રયાસ કર્યો ત્યારે તેઓ કેમેરા સામે જવાબ આપવાનુ ટાળીને ભાગતા નજરે પડયા હતા. હાલ વહિવટી તંત્ર દ્વારા સિંહણ ગામ અને આસપાસના વિસ્તારોમાં સ્થાનિક પોલીસ ઉપરાંત એલસીબી અને એસઓજી ના જવાનોનો ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. તો બીજી તરફ ખેડુતો પણ પોતાના હક્ક માટે મકકમ દેખાઈ રહ્યા છે. ખેડુત સંગઠનોએ ચીમકી ઉચ્ચારી છે કે જયાં સુધી કંપની કે સરકાર તેમની સાથે બેઠક કરીને ન્યાયી ઉકેલ નહી લાવે ત્યાં સુધી તેમનુ આ આંદોલન અને વિરોધ પ્રદર્શન યથાવત રહેશે.

# ગાંધીનગરમાં સંત શિરોમણિ ગુરુ રવિદાસજી મહારાજના ૬૫૦મા જન્મજયંતી વર્ષને સમર્પિત સમાગમ યોજાયો




મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે સંત શિરોમણિ ગુરુ રવિદાસજી મહારાજે સમગ્ર માનવજાતને સમરસતા, સમભાવ અને માનવતાનો જે અમૂલ્ય સંદેશ આપ્યો છે, તેને જીવનમાં ઉતારવો એ જ તેમની સાચી આરાધના છે. જો આપણે દરેક વ્યક્તિમાં ઈશ્વરનું દર્શન કરી શકીએ તો સમાજમાંથી ભેદભાવ અને વિખવાદ આપોઆપ દૂર થઈ જશે.

ગાંધીનગરમાં સંત શિરોમણિ ગુરુ રવિદાસજી મહારાજના ૬૫૦મા જન્મજયંતી વર્ષને સમર્પિત સમાગમને સંબોધતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે સનાતન પરંપરાની સૌથી મોટી વિશેષતા તેની સર્વસમાવેશકતા છે. સનાતન કોઈ એક વિચાર કે સંપ્રદાય પૂરતું મર્યાદિત નથી, પરંતુ સમગ્ર માનવતાને સાથે લઈને ચાલવાનો માર્ગ દર્શાવે છે. સમાજમાં સમરસતા અને સંવાદિતા સ્થાપિત કરવા માટે સંતોના વિચારોને આત્મસાત્ કરવાનું તેમણે જણાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતે વિકાસની સાથે પોતાની વિરાસત, આધ્યાત્મિક પરંપરા અને સાંસ્કૃતિક ગૌરવને પણ વૈશ્વિક સ્તરે નવી ઓળખ અપાવી છે. કાશી વિશ્વનાથ કોરિડોર, મહાકાલ લોક, પાવાગઢ મહાકાળી મંદિર ખાતે ધ્વજારોહણ તેમજ સોમનાથ મંદિરના ગૌરવના પુનઃસ્થાપન જેવા અનેક કાર્યો દેશની સાંસ્કૃતિક ચેતનાને મજબૂત બનાવનારા છે. તેમણે ઉમેર્યું કે વિકાસ ત્યારે જ ટકાઉ બની શકે જ્યારે તેની સાથે પ્રકૃતિનું સંવર્ધન અને સંસ્કૃતિનું જતન પણ કરવામાં આવે. કોરોના મહામારીના અનુભવોએ પ્રકૃતિનું મહત્વ વધુ સ્પષ્ટ કર્યું છે. તેથી જ વડાપ્રધાનશ્રીએ બેક ટુ બેઝિક અને 'એક પેડ માં કે નામ' જેવા અભિયાનો દ્વારા પર્યાવરણ સંરક્ષણને જનઆંદોલન બનાવ્યું છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે અંત્યોદયના મંત્રને સાકાર કરતાં વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં સમાજના અંતિમ વ્યક્તિ સુધી સરકારની યોજનાઓ કોઈપણ પ્રકારના જાતિ, ધર્મ કે પ્રદેશના ભેદભાવ વિના પહોંચી રહી છે. નિઃશુલ્ક અનાજ, આયુષ્માન ભારત યોજના, ઉજ્જ્વલા યોજના અને પ્રધાનમંત્રી આવાસ યોજના જેવી અનેક લોકકલ્યાણકારી યોજનાઓ દ્વારા સમાજના દરેક વર્ગને સમાન તકો મળી રહી છે.

મુખ્યમંત્રીશ્રીએ સૌને વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા માટે સમરસતા, સામાજિક એકતા અને પ્રકૃતિ પ્રત્યેની જવાબદારીના મૂલ્યો સાથે જોડાઈને કાર્ય કરવાની અપીલ કરી હતી. ગુજરાત વિકસિત ભારતના નિર્માણમાં અગ્રણી ભૂમિકા ભજવે તે માટે સૌના સહયોગ અને સંતોના આશીર્વાદ જરૂરી હોવાનું તેમણે જણાવ્યું. સંત શિરોમણિ ગુરુ રવિદાસજી મહારાજના ૬૫૦મા જન્મજયંતી વર્ષને સમર્પિત સમાગમ અવસરે ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે રાષ્ટ્રીય સ્મારિકા- ગુજરાતનું વિમોચન કરાયું હતું.

આ પ્રસંગે પૂજ્ય નિર્મલ સંત ડૉ. સ્વામી રામેશ્વરાનંદજી, ધારાસભ્ય સર્વ શ્રી રમણલાલ વોરા, શ્રીમતી ભાનુબહેન બાબરીયા, શ્રી સી.જે. ચાવડા, પૂજ્ય મહામંડલેશ્વર ૧૦૦૮ લલિત કિશોર ચરણદાસજી મહારાજ, પૂજ્ય શેરનાથ બાપુ, પૂજ્ય મહામંડલેશ્વર ૧૦૦૮ મહેન્દ્રનાથ ગિરીજી મહારાજ, પૂજ્ય વિજય બાપુ, પૂજ્ય રાજેન્દ્રદાસજી મહારાજ, પૂજ્ય રામબાપુ, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ઉત્તર ક્ષેત્રના સહ-સંપર્ક પ્રમુખ શ્રી જસબીર સિંહજી, ગાંધીનગર વિભાગ સંઘચાલક શ્રી પ્રકાશભાઈ પરમાર, સંત શ્રી રોહિદાસ સેવા સમાજના અધ્યક્ષ શ્રી દિનેશકુમાર પરમાર, સંગત ઉદઘોષના રાષ્ટ્રીય મહામંત્રી શ્રી બલજીત સિંહ સંધુ સહિતના સંત-મહંતો, આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

### ૧૫ દિવસમાં જ ભાવ આસમાને પહોચ્યા : આગામી દિવસોમાં હજુ પણ તેલના ભાવ વધવાની શકયતા

# ખાદ્યતેલના ભાવમાં ભડકોઃ છેલ્લા ૧૫ દિવસમાં સીંગતેલ અને કપાસીયા તેલના ભાવમાં ૧૫૫ થી ૧૬૫ રૂપીયાનો વધારો ઝીંકાયો

પ્રતિનિધિ,ગાંધીનગર




તહેવારોની સીઝન નજીક આવી રહી છે. ત્યારે જ સામાન્ય જનતાના ખિસ્સા પર મોંઘવારીનો મોટો માર પડયો છે. સૌરાષ્ટ્રના મુખ્ય માર્કેટ ગણાતા રાજકોટમાં ખાદ્યતેલના ભાવમાં વધારાનો સીલસીલો સતત યથાવત રહ્યો છે. ગૃહિણીઓનુ બજેટ ખોરવાતા આ ભાવ વધારામાં આજે ફરી એકવાર સીંગતેલ અને કપાસીયા તેલના ભાવમાં તોતીંગ વધારો ઝીંકાયો છે.

બજારના સુત્રોના જણાવ્યા અનુસાર આજે ફરી એકવાર તેલના ડબ્બના ભાવમાં મોટો ઉછાળો જોવા મળ્યો છે. સીંગતેલના ડબ્બાના ભાવમાં મોટો ઉછાળો જોવા મળ્યો છે. સીંગતેલના ડબ્બાના ભાવમાં રૂપીયા ૩૦ નો વધારો નોંધાયો છે. જયારે કપાસીયા તેલના ડબ્બાના ભાવમાં રૂપીયા ૪૦ નો વધારો થયો છે. આ કોઈ એક દિવસનો આંચકો નથી. પરંતુ છેલ્લા અડધા મહિનાથી ખાદ્ય તેલના ભાવ સતત વધી રહ્યા છે. છેલ્લા માત્ર ૧૫ દિવસના ગાળામાં જ તેલના ભાવમાં થયેલો કુલ વધારો આંચકો આપનારો છે. છેલ્લા ૧૫ દિવસમાં સીંગતેલના ડબ્બે રૂપીયા ૧૬૫ વધી ગયા છે. જયારે કપાસીયા તેલના ડબ્બે છેલ્લા ૧૫ દિવસમાં રૂપીયા ૧૫૫ નો તોતીંગ વધારો થયો છે.

ખાદ્યતેલના વેપારીઓ અને બજારના વિશ્લેષકોના જણાવ્યા અનુસાર ચાલુ વરસે મગફળી અને કપાસના વાવેતરમાં મોટો ઘટાડો જોવા મળ્યો છે. ઓછુ વાવેતર થવાને કારણે બજારમાં કાચા માલની આવક મર્યાદીત છે. જેને પગલે ડીમાન્ડ સામે સપ્લાય ઓછી હોવાથી તેલના ભાવ સતત વધી રહ્યા છે. બજારના નિષ્ણાંતોનુ માનવુ છે કે જો આવક સ્થિર નહી થાય તો આગામી દિવસોમાં ખાદ્ય તેલના ભાવ હજુ પણ વધી શકે છે. આ આશંકાના કારણે મધ્યમવર્ગીય પરીવારોમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે.

# સામાખિયાળી - ગાંધીધામ સેક્શન પર નોન-ઈન્ટરલોકિંગ કાર્યને કારણે કેટલીક ટ્રેનોના ટર્મિનલ સ્ટેશનમાં હંગામી પરિવર્તન

પશ્ચિમ રેલવે અમદાવાદ ડિવિઝનના સામાખ્યાળી, વોંધ અને ભચાઉ સ્ટેશનો વચ્ચે ક્વાડ્રુપ્લીંગ (Quadrupling) અને ઓટોમેટિક સિગ્નલિંગ પ્રોજેક્ટના કમિશનિંગ સંદર્ભે નોન-ઈન્ટરલોકિંગ કામ માટે બ્લોક લેવામાં આવી રહ્યો છે. આ કામને લીધે, કેટલીક ટ્રેનોના ટર્મિનલમાં હગામી ધોરણે પરિવર્તન કરવામાં આવ્યું છે. વિગતો નીચે મુજબ છેઃ ટ્રેન નં. ૨૨૪૮૩ ભગત કી કોઠી-ગાંધીધામ એક્સપ્રેસ ૨૮ જુલાઈ ૨૦૨૬ થી ૩ ઓગસ્ટ ૨૦૨૬ સુધી ભીલડી સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે તથા ભીલડી-ગાંધીધામ વચ્ચે રદ રહેશે અને ટ્રેન નં. ૨૨૪૮૪ ગાંધીધામ - ભગત કી કોઠી એક્સપ્રેસ ૨૯ જુલાઈ ૨૦૨૬ થી ૪ ઓગસ્ટ ૨૦૨૬ સુધી ભીલડી સ્ટેશનથી શોર્ટ ઓરીજીનેટ થશે અને ગાંધીધામ - ભીલડી વચ્ચે રદ રહેશે. ટ્રેન નં. ૧૯૪૦૪ દિલ્હી-ભુજ એક્સપ્રેસ ૨૪ જુલાઈ ૨૦૨૬ થી ૦૨ ઓગસ્ટ ૨૦૨૬ સુધી ભીલડી સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે તથા ભીલડી-ભુજ વચ્ચે રદ રહેશે અને ટ્રેન નંબર ૧૯૪૦૩ ભુજ-દિલ્હી એક્સપ્રેસ ૨૬ જુલાઈ ૨૦૨૬ થી ૪ ઓગસ્ટ ૨૦૨૬ સુધી ભીલડી સ્ટેશનથી શોર્ટ ઓરીજીનેટ થશે અને ભુજ-ભીલડી વચ્ચે રદ રહેશે. ટ્રેન નં. ૨૦૯૮૪ દિલ્હી સરાય રોહિલ્લા-ભુજ એક્સપ્રેસ ૨૯ જુલાઈ ૨૦૨૬ અને ૦૧ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ ભીલડી સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે તથા ભીલડી-ભુજ વચ્ચે રદ રહેશે અને ટ્રેન નં. ૨૦૯૮૩ ભુજ-દિલ્હી સરાય રોહિલ્લા એક્સપ્રેસ ૩૧ જુલાઈ ૨૦૨૬ અને ૦૪ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ ભીલડી સ્ટેશનથી શોર્ટ ઓરીજીનેટ થશે અને ભુજ - ભીલડી વચ્ચે રદ રહેશે. યાત્રીઓને જણાવવામાં આવે છે કે તેઓ યાત્રાથી પહેલાં ટ્રેનોના સમય, સ્ટોપેજ અને અન્ય અદ્યતન માહિતી માટે રેલવેની અધિકૃત વેબસાઈટ www. en-quiry. indianrail.gov.in નું અવલોકન કરે.

# માત્ર ૨ ઈંચ વરસાદમાં ફરી સુરત-નવસારી પાણી પાણી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગુજરાતમાં ચોમાસું પુરેપુરી રીતે સક્રિય થયું છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યભરમાં સાર્વત્રિક વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે.

દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર સહિત રાજ્યના અનેક વિસ્તારોમાં મેઘરાજા ધમાકેદાર બેટિંગ કરી રહ્યા છે. હવામાન વિભાગની આગાહી વચ્ચે રાજ્યના ૯૫ જેટલા તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે, જેના કારણે ક્યાંક ખુશી તો ક્યાંક સ્થાનિક લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ડાયમંડ સિટી સુરતમાં ફરી એકવાર તંત્રની પ્રી-મોન્સૂન કામગીરીના ધજાગરા ઉડ્યા છે. વહેલી સવારે માત્ર ૨ ઈંચ જેટલા સામાન્ય વરસાદમાં જ સુરતનો ઉધના વિસ્તાર પાણી-પાણી થઈ ગયો હતો. સુરતના અલગ-અલગ નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં વાહનચાલકો અને સ્થાનિક લોકો પારાવાર મુશ્કેલીમાં મુકાયા હતા. ખાસ કરીને ઉધના-નવસારી રોડ પર નદી વહેતી હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. આ ઉપરાંત પ્રસિદ્ધ દક્ષેશ્વર મંદિર નજીક ઘૂંટણસમા પાણી ભરાઈ જવાથી સવારના સમયે નોકરી-ધંધે જતાં લોકોને ભારે હાલાકી ભોગવવી પડી હતી.

સુરતની સાથોસાથ નવસારી શહેરમાં પણ વહેલી સવારથી જ મેઘરાજાએ તોફાની ઈનિંગ શરૂ કરી છે. નવસારીના સ્ટેશન રોડ, ધાનેરા પોઈન્ટ, તીઘરા અને જકાતનાકા સહિતના મુખ્ય વિસ્તારોમાં ધોધમાર વરસાદ તૂટી પડ્યો હતો. સતત વરસેલા આ વરસાદને કારણે શહેરના મુખ્ય માર્ગો પર પાણી ફરી વળ્યા હતા. રસ્તાઓ પર પાણી ભરાવાને કારણે વાહનોની ગતિ ધીમી પડી ગઈ હતી અને જનજીવન પ્રભાવિત થયું હતું. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર (SEOC) ના જણાવ્યા અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૯૫ તાલુકાઓમાં વરસાદી માહોલ છવાયેલો રહ્યો છે. જેમાં તાપીના વાલોડમાં અને વલસાડના ઉમરગામમાં સૌથી વધુ ૨.૫ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો હતો.

આ ઉપરાંત, રાજ્યના ૧૬ જેટલા તાલુકાઓ એવા છે જ્યાં ૨ ઈંચથી વધુ વરસાદ નોંધાતા સર્વત્ર પાણી-પાણી થઈ ગયું છે. દક્ષિણ ગુજરાતના ચીખલીમાં ૨૦ મિમી, સુરત શહેરમાં ૧૮ મિમી, જલાલપોર અને પારડીમાં ૧૪-૧૪ મિમી વરસાદ નોંધાયો છે. જ્યારે અંબિકા, નવસારી તાલુકામાં ૧૩ મિમી અને પલસાણામાં ૧૦ મિમી વરસાદ પડ્યો છે. આ સિવાય ખેડાના ફાગવેલમાં ૯ મિમી અને વલસાડમાં ૮ મિમી વરસાદ નોંધાયો છે. દક્ષિણ ગુજરાત ઉપરાંત સૌરાષ્ટ્રમાં પણ વરસાદી માહોલ જામ્યો છે. રાજકોટ જિલ્લાના ઉપલેટા શહેરમાં સતત બીજા દિવસે ધોધમાર વરસાદી ઝાપટું પડ્યું હતું.

ઉપલેટાના ભાદર ચોક, શાકમાર્કેટ અને પોરબંદર રોડ જેવા ધમધમતા વિસ્તારોમાં વરસાદ પડતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી, જો કે નીચાણવાળા રસ્તાઓ પર પાણી ભરાવાને કારણે વેપારીઓ અને ગ્રાહકોને થોડી મુશ્કેલી પડી હતી. હવામાન વિભાગ દ્વારા આગામી સમય માટે કડક ચેતવણી જાહેર કરવામાં આવી છે, જેમાં વિવિધ જિલ્લાઓને એલર્ટ પર રાખવામાં આવ્યા છે. સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, દમણ અને દાદર-નગર હવેલીમાં ૧૫ મિમી/કલાકથી વધુની ઝડપે ભારે વરસાદ અને ગાજવીજની સંભાવના છે, સાથે રેડ એલર્ટ જાહેર કરાયું છે.

# સગીર દીકરી પર દુષ્કર્મ ગુજારનાર પિતા અંતિમ શ્વાસ સુધી જેલના સળિયા ગણશે

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

સમાજને કલંકિત કરતી એક અત્યંત ઘૃણાસ્પદ ઘટનામાં અમદાવાદની સ્પેશિયલ પોકસો કોર્ટે એક ઐતિહાસિક અને કડક ચુકાદો સંભળાવ્યો છે. પોતાની જ સગીર દીકરી પર હથિયારના જોરે વારંવાર દુષ્કર્મ આચરનાર સગા પિતાને કોર્ટે દોષિત ઠેરવીને જીવનના અંતિમ શ્વાસ સુધીની આજીવન કેદની સજા ફટકારી છે. આ સાથે જ કોર્ટે પીડિતાને થયેલી અસહ્ય શારીરિક અને માનસિક પીડાને ધ્યાનમાં રાખીને રૂ.૭ લાખનું આર્થિક વળતર ચૂકવવાનો પણ મહત્વપૂર્ણ આદેશ કર્યો છે.

આ ચકચારી કેસની વિગત એવી છે કે, વર્ષ ૨૦૨૪માં અમદાવાદના વટવા પોલીસ સ્ટેશનમાં નરાધમ પિતા વિરુદ્ધ IPC અને પોકસો એક્ટની વિવિધ ગંભીર કલમો હેઠળ ગુનો નોંધાયો હતો. પીડિતાની માતા આશરે આઠ વર્ષ પહેલાં ઘર છોડીને જતી રહી હોવાથી તે પોતાના મજૂરી કામ કરતા પિતા અને ભાઈ-બહેન સાથે રહેતી હતી. પીડિતા જ્યારે ધોરણ-૧૦માં અભ્યાસ કરતી હતી, ત્યારે તે એક મિત્ર સાથે મોબાઈલ પર વાત કરતી હોવાની જાણ પિતાને થતા પ્રથમ તેને ઢોર માર મારવામાં આવ્યો હતો. સગીરાને ઢોર માર માર્યા બાદ તે જ રાત્રે ધાબે સૂવા ગયેલી સગીરાને નીચે બોલાવી, દાતરડા જેવા તીક્ષ્ણ હથિયારનો ભય બતાવીને પિતાએ બળજબરીપૂર્વક દુષ્કર્મ આચર્યું હતું. આ નરાધમ પિતાએ દીકરીને ધમકી આપી હતી કે, જો તે આ અંગે કોઈને પણ વાત કરશે તો તેને જાનથી મારી નાખશે અને સમાજમાં બદનામ કરી દેશે. આ ડરના કારણે પિતા અવારનવાર દીકરીનું શારીરિક શોષણ કરતો રહ્યો અને પીડિતા લાંબા સમય સુધી મૌન રહી. આખરે ભયના ઓથારમાંથી બહાર આવીને સગીરાએ આ આપવીતી પોતાના એક મિત્રને જણાવી હતી અને હિંમત એકઠી કરીને વટવા પોલીસ મથકમાં નરાધમ પિતા સામે ફરિયાદ નોંધાવી હતી.

પોલીસે તત્કાલીન સમયે પીડિતાનું મેડિકલ પરીક્ષણ કરાવીને મજબૂત વૈજ્ઞાનિક અને દસ્તાવેજી પુરાવાઓ એકત્ર કર્યા હતા. અદાલતમાં કેસની સુનાવણી દરમિયાન સરકારી વકીલ કમલેશ જી. જૈને ધારદાર દલીલો કરી હતી. તેમણે મહત્વના સાક્ષીઓ અને ૨૨ જેટલા મજબૂત દસ્તાવેજી પુરાવાઓ કોર્ટ સમક્ષ રજૂ કરીને ગુનો સાબિત કર્યો હતો.

# સુરતમાં ખાડી પૂરાણના કારણે આવેલા ભારે પૂરથી ટેમ્પો ચાલકોની હાલત સૌથી વધુ દયાજનક??

(નીડર, નિષ્પક્ષ અને તટસ્થ છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

સુરતની ટેક્ષટાઈલ માર્કેટોમાં તનતોડ મહેનત મજૂરી કરીને પરિવારનું ભરણપોષણ કરતાં ટેમ્પો ચાલકો અને માલિકોની હાલત આ પૂરના કારણે સૌથી વધુ કફોડી થવા પામી છે. શહેરના રિંગરોડથી માંડીને સારોલી વિસ્તારમાં પ્રતિદિન સેંકડોની સંખ્યામાં ટેમ્પો ચાલકો ધ્વારા યાર્નથી માંડીને તૈયાર કપડાંના માલ સામાનની હેરાફેરી કરવામાં આવતી હોય છે.

જોકે ૭ મી જુલાઈના રોજ ભારે પૂરની સ્થિતિ વચ્ચે માલ સાથે ટેમ્પો પાણીમાં ગરકાવ થઈ જવા પામ્યા હતા. આ ટેમ્પો એક દાયકા કરતાં પણ વધુ જૂના હોવાને કારણે મોટા ભાગના ટેમ્પો માલિકો પાસે વીમા પોલિસી પણ હોતી નથી. જેને કારણે તેઓએ ઉધાર કે વ્યાજે રૂપિયા લાવીને ટેમ્પોના રિપેરિંગ માટેની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

આ સિવાય ટેક્ષટાઈલ માર્કેટોના પાર્કિંગમાં પણ મોટી સંખ્યામાં ટેમ્પો પાણીમાં ગરકાવ (ડૂબી જતાં) થઈ જતાં તેવા ટેમ્પોને સૌથી વધુ નુકશાન થયું છે. જેને પગલે ટેમ્પો ચાલકો-માલિકો ધ્વારા પણ તેઓને રાહત પેકેજ આપવામાં આવે તેવી માંગણી પણ કરવામાં આવી રહી હોવાનું પણ જાણવા મળેલ છે.

# ૧૪ વર્ષ પછી એ જ હાથીએ પરિવારને શોધીને એ જ નેપાળી પરિવારના વધુ બે સભ્યોને મારી નાંખ્યા

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

કાઠમંડુ પોસ્ટના અહેવાલ મુજબ શનિચરા બોટે નામના વ્યક્તિ માટે, ડિસેમ્બર ૨૦૧૨ માં દુઃસ્વપન શરૂ થયું જ્યારે ઘુરબે નામના એક બદમાશ હાથીએ નેપાળના ચિતવન રાષ્ટ્રીય ઉદ્યાન નજીકના માડી શહેરમાં તેના માતા-પિતાને જીવલેણ રીતે કચડી નાંખ્યા હતા. બોટેએ ભયના કારણે તેના પરિવારને લઈને લગભગ નવ માઈલ દૂર રાપ્તિ નદી પાર કરીને જગતપુરમાં સ્થાયી થવાનું નક્કી કર્યું.

વર્ષોથી પરિવાર માનતો હતો કે તેઓ ભાગી ગયા છે. પરંતુ આ મહિનાની શરૂઆતમાં ફરી એક દુર્ઘટના બની. આ ઘુરબે નામના હાથીએ જગતપુરમાં પરિવારના ઘરમાં ઘૂસીને બોટેની પુત્રવધુ ૨૫ વર્ષીય આશિકા બોટે અને તેમના ચાર વર્ષના પૌત્ર ભરત બોટેને મારી નાંખ્યા.

બોટેએ જણાવ્યુ કે અમે માનતા હતા કે મુખ્ય નદીઓ પાર કરવાથી અમે સુરક્ષિત રહીશું પરંતુ આટલા વર્ષો પછી એ જ હાથીએ અમને ફરથી શોધી કાઢ્યા, અમારા ઘર પર હુમલો કર્યો અને મારી પુત્રવધુ અને મારા નાના પૌત્રને મારી નાંખ્યા. અમારા માટે ભાગવા માટે કોઈ જગ્યા બચી નથી.

આ હુમલાનો અર્થ એ છે કે ૧૪ વર્ષના સમયગાળામાં એક જ પરિવારના ચાર સભ્યોને એક જ હાથીએ મારી નાંખ્યા છે. આઘુર બે હાથી નેપાળના સૌથી કુખ્યાત બદમાશ હાથીઓમાનો એક છે અને તે વર્ષોથી શ્રેણીબધ્ધ જીવલેણ હુમલાઓ સાથે સંકળાયેલો છે.

જ્યારે ચિતવન રાષ્ટ્રીય ઉદ્યાનના અધિકારીઓએ જણાવ્યુ હતું કે ૨૦૧૦થી હાથી ૨૫ માનવ મૃત્યુ માટે જવાબદાર છે. જગતપૂરમાં આ તાજેતરના બે મૃત્યુ સાથે આ એક હાથીને કારણે મૃત્યુ પામેલા લોકોની પુષ્ટિ થયેલી સંખ્યા હવે ૨૫ થઈ ગઈ છે. આમ વધુ હુમલાઓનું જોખમ ઘટાડવા માટે વન્યજીવન અધિકારીઓ વર્ષોથી ઘુરબે પર નજર રાખી રહ્યા છે.

૨૦૧૬માં હાથી ફરીથી જોવા મળતા તેને ટ્રેકિંગ કોલર લગાવવામાં આવ્યો હતો. મૂળ કોલર કામ કરવાનું બંધ કર્યા પછી,૨૦૨૦માં એક નવો કોલર સ્થાપિત કરવામાં આવ્યો હતો, ત્યારબાદ ૨૦૨૩માં બીજો કોલર મૂકવામાં આવ્યો હતો.

# રામોલની ઘટનામાં દાહોદના એક જ પરીવારના ૭ લોકોના મોતઃ ગોવિંદતળાઈ ગામ હિબકે ચડયું




પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદના રામોલ વિસ્તારમાં ફટાકડા ફેકટરીમાં થયેલા ભયાનક બ્લાસ્ટમાં ૯ નિર્દોષ લોકોના કરૂણ મોત બાદ આખરે સરકારી તંત્ર કુંભકર્ણની નિંદ્રામાંથી જાગ્યુ છે. આ ભયાનક દુર્ઘટના પગલે તંત્રએ તાબડતોબ એકશન મોડમાં આવીને ખુલ્લા ખેતરમાં ગેરકાયદેસર રીતે ચાલી રહેલા અન્ય બે ફટાકડાના એકમોને તાત્કલીક અસરથી બંધ કરાવી દીધા છે. તો બીજી તરફ આ ઘટનાના સીસીટીવી કુટેજ પણ બહાર આવ્યા છે.

આ ઘટનામાં મૃત્યુ પામેલા ૭ લોકોના મૃતદેહ દાહોદ લવાયા હતા. એક જ પરીવારના ૭ લોકોના મોત થતા ગામ શોકમગ્ન બન્યુ છે. તો બીજી તરફ એક શ્રમિકે કેવી રીતે કામ થતુ હતુ તેની પણ વાત કરી હતી. અમદાવાદના રામોલમાં ફટાકડાની ફેકટરીમાં થયેલા બ્લાસ્ટમાં જે લોકો મૃત્યુ પામ્યા છે તેમાંથી ૭ લોકો એક જ પરીવાર અને દાહોદના ગોવિંદતળાઈ ગામના લોકો હતા. તેમના મૃતદેહ ગામમાં પહોચતા જ ગામ હિબકે ચડયુ હતું. એક સાથે ૭ અર્થી ઉઠતા ગામમાં શોક ફેલાયો હતો.

મામલતદાર અને પોલીસ અધિકારીઓ પણ ત્યાં પહોચ્યા અને સાંત્વના પાઠવી હતી. દાહોદના એક સ્થાનિક રાકેશ બારીયાએ આ ઘટનાને લઈને કહ્યુ હતુ કે ફેકટરીમાં રોજ ૧૨ કલાક કામ કરવુ પડતું, દાહોદ થી અમદાવાદ સુધી મજુરી કરવા શ્રમિકો આવતા હતા. માત્ર ૪૦૦ રૂપીયા રોજની આવક લેવા ૭ લોકોએ પોતાની જીંદગી ગુમાવી છે.

આ ઉપરાંત ખેડા જિલ્લાના પણ એક શ્રમિક આ ઘટનામાં મૃત્યુ પામ્યો છે. કપડવંજ સૈયદવાડા વિસ્તારમાં રહેતા અસરાલ અલી ઈરફાન અલી સૈયદનુ પણ આ ઘટનામાં મોત થયુ છે. અસરલઅલી અમદાવાદમાં તેની માસીના ઘરે રહી ફેકટરીમાં કામ કરતો હતો. વિકલાંગ પિતાએ આજે સવારે આશાસ્પદ યુવાન દિકરાની અંતિમવિધિ કરી હતી. વિકલાંગ પિતા ઈરફાનઅલી સૈયદ રીક્ષા ચલાવી ઘરનુ ગુજરાન ચલાવે છે.

આ ઘટનાબાદ તંત્ર જાગ્યુ છે અને આવી ફેકટરીઓ સામે કાર્યવાહી હાથ ધરી છે. એએમસીએ ગ્યાસપુર વિસ્તારમાં ચેકીંગ હાથ ધર્યુ હતું. જેમાં બહાર આવ્યુ હતુ કે લાયસન્સ રીન્યુ નહી થયુ હોવા છતાં ફેકટરી ચાલતી હતી. જાન્યુઆરી મહિનામાં રીન્યુ માટે અરજી આપી હતી. પોલીસ કે એએમસીને આ બાબતે તપાસ કરવામાં કોઈ રસ જ ન હોય તેવી વિગતો બહાર આવી છે. ૬ મહિના સુધી લાયસન્સના નામે કામ ચાલતુ રહ્યુ હતું. તો બીજી તરફ રામોલમાં વધુ એક ફટાકડાની ફેકટરી સામે આવી છે. બ્લાસ્ટ થયો તે સ્થળથી ૫૦૦ મીટર દુર બીજી ફેકટરી ચાલી રહી છે. રહેણાંક વિસ્તારમાં જ ફેકટરી ધમધમી રહી છે. ફરી આવી જ દુર્ઘટના સર્જાય તો જવાબદાર કોણ ? તેવા સવાલો ઉઠી રહ્યા છે. ૯ લોકોના બ્લાસ્ટમાં મોત થયા છે જેમાં (૧) રીન્કુબેન ચારેલ (૨) રવીના ચારેલ (૩) શિવાની ચારેલ (૪) રમીલાબેન ચારેલ (૫) વિરલ ચારેલ (૬) સવિતાબેન ડામોર (૭) ઉષાબેન ડામોર (૮) અજરૂદ્દીન કાજી (૯) અસરાલઅલી સૈયદ

# સરકારની વાર્ષિક ૮૦ હજાર કરોડની ખરીદીમાં સ્ટાર્ટઅપ્સનો હિસ્સો માત્ર ૧ ટકા : કોંગ્રેસ



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના વિવિધ ક્ષેત્રમાં ડીપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટર્નલ ટ્રેડ (ડીપીઆઈઆઈટી) દ્વારા માન્યતા પ્રાપ્ત ૧૯ હજાર થી વધુ સ્ટાર્ટઅપ્સ કાર્યરત છે. પરંતુ રાજય સરકાર દ્વારા દર વરસે રૂપીયા ૮૦ હજાર કરોડની ખરીદીમાં આ સ્ટાર્ટઅપ્સનો હિસ્સો માત્ર ૧ ટકા એટલે કે રૂપીયા ૧ હજાર કરોડ જ છે તેવો આક્ષેપ કોંગ્રેસે કર્યો છે.

રાજય સરકારના વિવિધ વિભાગો દ્વારા કરાતી ખરીદીના ટેન્ડરમાં બહોળો અનુભવ, ઉચુ વાર્ષિક ટર્નઓવર સહિતના કેટલીક આકરી શરતો લાગુ કરાતી હોવાથી નવા સ્ટાર્ટઅપ્સને સરકારી ટેન્ડરોમાં ભાગ લેવાની સમાન તક મળતી નથી. ત્યારે સરકારે તમામ વિભાગો માટે જાહેર ખરીદનીતી સ્ટાર્ટઅપ્સ માટેના નિયમો અંગે સ્પષ્ટ પરીપત્ર કરવો જોઈએ તેવી કોંગ્રેસે માંગ કરી છે. કોંગ્રેસ પ્રવકતા ડો. પાર્થિવરાજ કઠવાડીયાએ જણાવ્યુ છે કે રાજય સરકારના વિવિધ વિભાગો, બોર્ડ, નિગમો, ઓથોરીટીઓ અને સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ દ્વારા બહાર પડાતા અનેક ટેન્ડરોમાં સરકારની પોલીસીનુ પાલન થતુ નથી. જેથી સરકાર તેમના પોતાના મળતીયાઓને ટેન્ડરના માધ્યમથી લાભ આપવાનો હેતુ હોય તેવુ દેખાય છે. ડીપીઆઈઆઈટી માન્ય સ્ટાર્ટઅપ્સ સ્પર્ધામાંથી બહાર ફેંકાઈ જાય નહી તે માટે ગુજરાત સરકારે જાહેર ખરીદનીતી અને સ્ટાર્ટઅપ્સ અંગે સ્પષ્ટ પરીપત્ર જાહેર કરવો જોઈએ.

ટેન્ડરો જાહેર કરતા પહેલા તેની શરતોની સમીક્ષા કરી સ્ટાર્ટઅપ્સને મળતા લાભો આપવા જોઈએ. ગુજરાત સરકારે ૨૦૨૪ માં ગુજરાત સ્ટેટ પ્રોકયોરમેન્ટ પોલિસી બહાર પાડી હતી. પરંતુ તે હજુ સુધી સંપૂર્ણ રીતે લાગુ કરાઈ નથી. પરીણામે સ્ટાર્ટઅપ્સના ઉદ્યોગ સાહસિકો હેરાન પરેશાન થઈ ગયા છે.

# રાજકોટના બહુમાળી ભવનચોક ખાતે સોનમ વાંગચુકના સમર્થનમાં યોજાયા ધરણાં




પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

લદ્દાખના પર્યાવરણવિદ અને જાણીતા ઈનોવેટર સોનમ વાંગચુકના સમર્થનમાં હવે ગુજરાતમાં પણ અવાજ ઉઠવા લાગ્યો છે. રાજકોટના બહુમાળી ભવનચોક ખાતે યુવાનો દ્વારા પ્રતિક ધરણાં અને ૨૪ કલાકની પ્રતિક ભુખ હડતાળ શરૂ કરવામાં આવી છે. પ્રદર્શનકારીઓએ સોનમ વાંગચુકની માંગણીઓને સમર્થન આપતા દેશની શિક્ષણ વ્યવસ્થા અને સરકારની નીતીઓ સામે પણ સવાલો ઉઠાવ્યા હતા. પ્રદર્શન દરમિયાન યુવાઓએ જણાવ્યુ હતુ કે જો દેશના વૈજ્ઞાનિકો અને સમાજ માટે કાર્યરત લોકોની જ યોગ્ય કદર નહી થાય તો સામાન્ય નાગરીકને ન્યાય મળવાની આશા કેવી રીતે રાખી શકાય ?

તેમણે વધુમાં કહ્યુ હતુ કે દેશના ભવિષ્ય માટે દરેક નાગરીકે જાગૃત બનીને લોકશાહી માધ્યમથી પોતાનો અવાજ ઉઠાવવો જરૂરી છે. પ્રદર્શનકારીઓએ હાલની શિક્ષણ પ્રણાલીની પણ ટીકા કરી હતી. તેમના જણાવ્યા મુજબ ખાનગી શાળાઓમાં વધતી ફી અને સરકારી શાળાઓમાં પુરતી સુવિધાઓના અભાવ વચ્ચે વિદ્યાર્થીઓનુ ભવિષ્ય અસરગ્રસ્ત બની રહ્યુ છે. શિક્ષણને ગુણવત્તા કરતા વ્યવસાયીક દ્રષ્ટીકોણથી જોવામાં આવી રહ્યુ હોવાનુ પણ તેમણે જણાવ્યુ હતું. સોનમ વાંગચુક અંગે વાત કરતા યુવાઓએ જણાવ્યુ હતુ કે વિદેશમાં અનેક તકો હોવા છતાં તેઓ પોતાના પ્રદેશ અને પર્યાવરણના હિત માટે સંઘર્ષ કરી રહ્યા છે. આવા વ્યકિતના મુદ્દાઓને ગંભીરતાથી સાંભળવાની જરૂર હોવાનુ તેમણે જણાવ્યુ હતું.

પ્રદર્શનકારીઓએ સ્પષ્ટ કહ્યુ હતુ કે તેમનુ આંદોલન સંપુર્ણપણે શાંતિપૂર્ણ છે અને બંધારણીય અધિકારો અંતર્ગત પોતાની વાત રજુ કરવા માટે તેઓ ધરણા પર બેઠા છે. તેમણે માંગ કરી છે કે શાંતિપૂર્ણ વિરોધને દબાવવાને બદલે સરકાર સંવાદ દ્વારા યોગ્ય ઉકેલ લાવે, આંદોલનમાં જોડાયેલા યુવાનોના જણાવ્યા અનુસાર સરકાર તરફથી યોગ્ય નિર્ણય નહી લેવાય ત્યાં સુધી વિરોધ કાર્યક્રમો ચાલુ રહેશે. આગામી દિવસોમાં વધુ લોકો જોડાઈને આંદોલનને વિસ્તૃત કરવાની પણ તૈયારી દર્શાવવામાં આવી હતી. યુવાઓએ દેશની શિક્ષણ વ્યવસ્થામાં પણ વ્યાપક સુધારા કરવાની માંગ સાથે શિક્ષણ ક્ષેત્રમાં જ જવાબદારી નકકી કરવાની પણ માંગ કરી હતી. સાથે જ સોનમ વાંગચુક ના મુદ્દે સરકાર યોગ્ય પગલા ભરે તેવી અપીલ પણ કરવામાં આવી હતી.

ભાવનગરમાં ૬ વરસના બાળકનુ મોત : બાળકોમાં ચાંદીપુરા વાઈરસના લક્ષણો દેખાય તો તુરંત હોસ્પિટલ પહોચો

# ગુજરાતમાં ચાંદીપુરા વાઈરસે મચાવ્યો કહેર : પરંતુ આરોગ્યમંત્રી ચાંદીપુરા વાઈરસને ગંભીરતાથી લેતા નથી




પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં ચાંદીપુરા વાઈરસે કાળો કહેર મચાવ્યો છે. ત્યારે આરોગ્યમંત્રી ને જાણે વાયરસના રોગને અંકુશમાં લેવાના બદલે પોતાના મતવિસ્તાર સુરત શહેરમાં ધ્યાન રાખીને બેસવાને લઈ લોકોમાં રોષ વ્યાપી ઉઠયો છે.

આરોગ્ય મંત્રી સમગ્ર ગુજરાતના છે. પરંતુ મંત્રીને માત્ર પોતાના મતવિસ્તાર સુરત શહેરની ફીકર હોય તેમ માત્ર સુરતને સાચવીને બેસી રહેતા પ્રજામાં રોષ ભભુકી ઉઠયો છે.

ગુજરાતમાં નાના બાળકો માટે જીવલેણ સાબિત થઈ રહેલા ચાંદીપુરા વાઈરસનો પ્રકોપ દિન પ્રતિદિન ભયાનક બની રહ્યો છે. સાબરકાંઠા અને પંચમહાલ જિલ્લા બાદ હવે સૌરાષ્ટ્રના ભાવનગર જિલ્લામાં પણ ચાંદીપુરા વાઈરસે દસ્તક દીધી છે. જયાં વાઈરસના સંક્રમણને કારણે એક માસુમ બાળકનુ મોત નિપજયુ હોવાનો સનસનીખેજ કેસ પ્રકાશમાં આવ્યો છે. ભાવનગર જિલ્લામાં ચાંદીપુરા વાઈરસ થી મૃત્યુનો આ પ્રથમ સત્તાવાર કેસ છે. વલભીપુર તાલુકાના મેલાણા ગામમાં રહેતા એક ૬ વર્ષીય બાળકનુ આ જીવલેણ બિમારીના કારણે સારવાર દરમિયાન મોત નિપજયુ છે. જેના લેબ રીપોર્ટમાં ચાંદીપુરા વાઈરસની પુષ્ટી થતા જ સમગ્ર પંથકમાં ભારે ફફડાટ વ્યાપી ઉઠયો છે.

આ દુઃખદ ઘટના અંગે ભાવનગર જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી કે એમ સોલંકીએ મીડીયા સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે આ ભોગ બનનાર બાળકનો પરીવાર મુળ મધ્યપ્રદેશનો વતની છે અને હાલ મેલાણા ગામમાં ખેતી કામ તેમજ મજુરી કરીને પોતાનુ ગુજરાન ચલાવે છે. આ ૬ વર્ષીય બાળક ગત ૬ જુલાઈના રોજ જામનગરથી મેલાણા ગામે પરત આવ્યો હતો. ગામમાં આવ્યા બાદ અચાનક જ તેની તબિયત લથડી હતી. જેમાં તેને તીવ્ર તાવ આવવા લાગ્યો હતો અને ચાલવામાં પણ ભારે તકલીફ થવા લાગી હતી. બાળકની સ્થિતિ જોતાં ચિંતાતુર બનેલા પરીવારજનો તેને તાત્કાલીક વલભીપુર ખાતે ખાનગી અને સ્થાનિક કિલનિકમાં પ્રાથમિક સારવાર માટે લઈ ગયા હતા. વલભીપુરમાં પ્રાથમિક સારવાર બાદ પણ બાળકની સ્થિતીમાં કોઈ સુધારો ન થતા અને તબિયત વધુ નાજુક બનતા તેને વધુ ગંભીર સારવાર માટે ૮ જુલાઈના રોજ ભાવનગરની સરકારી સર ટી હોસ્પિટલમાં રીફર કરીને તાત્કાલીક દાખલ કરવામાં આવ્યો હતો. જો કે તબીબોના ભગીરથ પ્રયાસો છતાં વાઈરસની ગંભીર અસરોને કારણે આગામી દિવસે એટલે કે ૯ જુલાઈના રોજ સારવાર દરમિયાન હોસ્પિટલના બિછાનેજ માસુમે દમ તોડી દીધો હતો.

બાળકના લક્ષણો શંકાસ્પદ જણાતાં હોસ્પિટલ તંત્ર દ્વારા તેના બ્લડ સેમ્પલ લઈને તાત્કાલીક તપાસ માટે ગાંધીનગરની સરકારી લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે. ગઈ કાલે મોડી સાંજે પ્રાપ્ત થયેલા સત્તાવાર લેબ રીપોર્ટમાં આ બાળકનુ મોત ચાંદીપુરા વાઈરસ ના આકરા સંક્રમણને કારણે થયુ જ હોવાની સત્તાવાર પુષ્ટી કરવામાં આવી છે.

# વાસદમાં બાળકીના અપહરણ બાદ રેલવે ટ્રેક પરથી મૃતદેહ મળ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)આણંદ

આણંદ જિલ્લાના વાસદમાં સાડા ચાર વર્ષની બાળકીનું અપહરણ થયા બાદ તેનો મૃતદેહ રેલવે ટ્રેક પરથી મળતા સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ છે. પ્રાથમિક માહિતી મુજબ, બાળકીનો મૃતદેહ ટ્રેન નીચે કપાયેલી હાલતમાં મળી આવ્યો હતો. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને રેલવે પોલીસ અને સ્થાનિક પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે. મળતી માહિતી અનુસાર, વાસદ રેલવે સ્ટેશન નજીક રહેતા એક પરિવારની સાડા ચાર વર્ષની બાળકીનું મંગળવારે રાત્રે આશરે ૮:૩૦થી ૯:૧૫ વાગ્યાના સમયગાળા દરમિયાન અપહરણ કરવામાં આવ્યું હતું. પોલીસના જણાવ્યા પ્રમાણે, અંદાજે ૨૫થી ૩૦ વર્ષનો એક યુવક બાળકીને પોતાની સાથે લઈ જતો સીસીટીવી કેમેરામાં કેદ થયો છે. અપહરણ બાદ યુવક સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો.

બુધવારે વહેલી સવારે વાસદ અને અડાસ રેલવે સ્ટેશન વચ્ચેના ટ્રેક પરથી બાળકીનો મૃતદેહ મળી આવ્યો હતો.

# વાપી મહાનગરપાલિકામાં બોગસ ડોકયુમેન્ટના આધારે કોર્પોરેટર બન્યા હોવાનો આક્ષેપઃ ભાજપના બે કોર્પોરેટરો વિરૂધ્ધ ફરીયાદ




પ્રતિનિધિ,ગાંધીનગર

વાપી મહાનગરપાલિકામાં હાલમાં રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. ભાજપના બે કોર્પોરેટરો વિરૂધ્ધ બોગસ દસ્તાવેજો રજુ કરીને ચુંટણી લડવા અને જીતવા મામલે કોર્ટના માધ્યમથી ગંભીર ફરીયાદ દાખલ કરવામાં આવતા રાજકારણમાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

મળતી માહિતી મુજબ વાપી મહાનગરપાલિકાના વોર્ડ નં. ૩ માં થી ભાજપની ટીકીટ પર ચુંટણી લડીને વિજેતા બનેલા કોર્પોરેટરો સમસુદ્દીન ચૌધરી અને સુનિતા તિવારી વિરૂધ્ધ કોંગ્રેસના પૂર્વ ઉમેદવાર દ્વારા ફરીયાદ નોંધાવવામાં આવી છે. ફરીયાદનો મુખ્ય આક્ષેપ છે કે આ બંને કોર્પોરેટરોએ ચુંટણી સમયે ચુંટણીપંચમાં જે લીવીંગ સર્ટીફીકેટ (એલસી) રજુ કર્યા હતા તે નકલી અને બોગસ છે. આ બોગસ ડોકયુમેન્ટના આધારે જ તેઓએ ઉમેદવારી નોંધાવી હતી અને ત્યારબાદ જીત મેળવી હતી. આ સમગ્ર મામલે કોંગ્રેસ દ્વારા કાયદાકીય લડત શરૂ કરવામાં આવી છે.

આ અંગે શહેર કોંગ્રેસ પ્રમુખ મહેશ શાહ અને ફરીયાદી પક્ષના વકીલ શશાંક મિશ્રા દ્વારા મીડીયા સમક્ષ વિગતો આપવામાં આવી હતી.

ફરીયાદ પક્ષની મુખ્ય માંગણી એ છે કે જો આ આક્ષેપો સાબિત થાય તો બંધારણીય જોગવાઈઓ મુજબ આ બંને કોર્પોરેટરોનુ સભ્યપદ તાત્કાલીક અસરથી રદ કરવામાં આવે, આ ઘટનાબાદ વાપીના રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે.

# કચ્છ જિલ્લામાં પશુધન માટે ૨ રૂપીયા કિલોના ભાવે પ્રતિદિવસ ૪ કિલો ઘાસચારો અપાશે

**પશુપાલકોને રાહત આપવાનો નિર્ણય લેવાયો : ઘાસ માત્ર રૂ.૨ પ્રતિકિલોના રાહત ભાવે ઉપલબ્ધ કરાશે**



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં વરસાદના એક રાઉન્ડ બાદ ચોમાસુ નબળુ પડયુ હોય તેવી સ્થિતિ ઉભી થઈ છે. હાલ દક્ષિણ ગુજરાતમાં ફરીવાર વરસાદે મહેર શરૂ કરી છે. ત્યારે પશુપાલકોને ઓછા વરસાદને કારણે મુશ્કેલીનો સામનો કરવો પડયો છે. ઘાસચારાનો અભાવ હોવાથી પશુઓને ચરાવવા માટે મોટી તકલીફોનો સામનો કરવો પડયો છે.

આ માટે રાજય સરકારે કચ્છ જિલ્લાના પશુપાલકો માટે મોટો નિર્ણય લીધો છે. ગુજરાત સરકારે કચ્છ જિલ્લાના પશુપાલકોના હિતમાં એક અત્યંત મહત્વપુર્ણ અને મોટો નિર્ણય લીધો છે. કચ્છ પંથકમાં પ્રવર્તી રહેલી અછતની ગંભીર સ્થિતિને ધ્યાનમાં રાખીને રાજય સરકારે સ્થાનિક પશુપાલકોને આર્થિક કટોકટીમાંથી ઉગારવા અને મોટી રાહત આપવા માટે સત્તાવાર જાહેરાત કરી છે. આ કપરા સમયમાં પશુપાલકો પોતાના પશુધનને સરળતાથી સાચવી શકે તે માટે સરકાર લાંબા સમયથી ચાલી રહેલી રજુઆતો બાદ એકશન મોડમાં આવી છે. સરકાર દ્વારા લેવાયેલા આ લોકહિતના નિર્ણય અંતર્ગત અછતગ્રસ્ત વિસ્તારોમાં પશુપાલકોને પ્રતિદીઠ પ્રતિદિવસ ૪ કિલો ઘાસચારો રાહતદરે પુરો પાડવામાં આવશે.

સરકારે પશુઓના નિભાવ માટે ઘાસચારાની યોગ્ય વ્યવસ્થા ગોઠવી દીધી છે. જેથી કોઈપણ પશુપાલકને પોતાના પશુઓ માટે ભટકવુ ન પડે અને નિયમિત ધોરણે પુરતો જથ્થો મળી રહે, સૌથી મોટી રાહતની વાત એ છે કે આ ઘાસ પશુપાલકોને માત્ર ૨ રૂપીયા પ્રતિકિલોના અત્યંત સસ્તા અને રાહતભાવે ઉપલબ્ધ કરાવવામાં આવશે. રાજયમાં કિંમતી પશુધનને ભુખમરાથી બચાવવા અને સરહદી જિલ્લાના માલધારીઓનુ અર્થતંત્ર ભાંગી ન પડે તે માટે સરકારે આ સબસીડીવાળો રાહતદર નકકી કર્યો છે. સરકારના આ સંવેદનશીલ નિર્ણયથી કચ્છના હજારો પશુપાલક પરીવારોમાં ભારે આનંદ અને રાહતની લાગણી વ્યાપી ગઈ છે.